**સુવિચાર**
કોઈ કોઈને કશું શીખવી શકતું નથી.
પણ વ્યકિત શીખી શકે તેવું વાતાવરણ તૈયાર થઈ શકે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૧/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
મેથીલાડું
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ–૮ વર્ષ : ૧૬ અંક : ૦૩૪

પથરી - પ્રોસ્ટેટ
કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૨૩-૦૧-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## બાબરા–ચમારડી–મોટા દેવળીયા–ગોંડલનો માર્ગ અતિ બિસ્માર બનતા

# અપના હાથ જગન્નાથ : ગામજનો દ્વારા માર્ગનાં ગાબડા બુરવાનાં કાર્યનો શુભારંભ

**બિસ્માર માર્ગનાં કારણે ૮ થી ૧૦ ગામોનાં વાહનચાલકો તોબા પોકારી ગયા**

**પ્રસુતા હોસ્પિટલ પહોંચે તે પહેલા માર્ગમાં જ પ્રસૃતિ થઈ જાય તેટલી હદે માર્ગ બિસ્માર**

**સ્થાનિક ધારાસભ્યની નિષ્ક્રીયતા સામે ગામજનોમાં રોષનો માહોલ ઉભો થયો**

**ગામજનોએ સ્વબળે માર્ગનાં ગાબડામાં માટીથી બુરવાનું શરૂ કર્યુ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,૨૧

બાબરાતાલુકાનાદશથીવધુ ગામોનેજોડતાબાબરા–મોટા દેવળિયારોડની છેલ્લાકેટલાકવર્ષોથીબિસ્માર હાલત હોવાનાકારણે વાહનચાલકોમાં આક્રોશ સાથે રોડ મરામત માટે મોટાભાગના ગ્રામ્ય આગેવાનો દ્વારા તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને ધારાસભ્યસહિતમુખ્યમંત્રીનેરજુઆત કરવાછતાંયોગ્યનિરાકરણનહીઆવતા આજે તાલુકાના ચમારડી ગામના આગેવાન જીવનભાઈ પીઢડીયાની આગેવાનીમાં ખાડા બુરવા માટેનું ખાતમુહૂર્તકરીસરકારનોનવતરવિરોધ કરાયો હતો.

બાબરાથી મોટા દેવળિયા સુધીના ૨૫ કિ.મી. રોડ સાથે તાલુકાના દશ જેટલા ગામોને જોડતા રસ્તામાં મસમોટા ખાડા હોવાથી અવાર નવાર નાના–મોટા અકસ્માતોની હારમાળા

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાગીયુ રાખેલ વાડીમાં કામ કરતાં હોય

# બગસરાનાં નટવર નગરમાં ખેતીકાર્ય કરતા શ્રમિકનું શોર્ટ લાગવાથી મોત

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

બગસરા, તા.૨૧

બગસરાના નટવરનગર વિસ્તારમાં ખેતી કામ કરતા પર પ્રાંતિય પપુભાઈ વિરસિંહભાઈ કટારા (ઉંમર વર્ષ ૨૫) નારણભાઈ ભીમજીભાઈ ઘાડીયાની વાડીયે રહેતા હતા અને નારણભાઈ રાણાભાઈ ઘાડીયાની વાડીમાં રમેશભાઈ ભીખાભાઈ ઘાડીયાએ ભાગિયું રાખેલ હતું અને ત્યાં મજૂરી કામ કરવા બોલાવેલ મજુર પાણી વાળતો હતો અને અચાનક ૧૧ કેવીમાંથી કોઈ અગમ્ય કારણોસર શોંટ લાગવાથી મોત નીપજયું હતું. જયારે રમેશભાઈ મજુર માટે ચાલઈને ગયા હતા ત્યારે અચાનક તેને ત્યાં પડેલો જોયો અને



પોલિસમાં જાણ કરી અને બગસરા સિવિલમાં લઈ ગયા હતા, ત્યારે ત્યાં તેને મૃતક જાહેર કરેલ પીએમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડે કે કયાં કારણોસર શોંટ લાગેલ છે તેની તપાસ કરવા ગયેલા હતા વીજ અધિકારી અને પોલીસ દ્વારા સ્થળ તપાસ કર્યા પછી વાસ્તવિક કારણ જાણવા મળશે.

જયારે હાલમાં બગસરા પોલિસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

### ચૂંટણી કમિશનર ડો. એસ. મુરલીકૃષ્ણએ ચૂંટણીઓની જાહેરાત કરી

# અમરેલી જિલ્લા સહિત રાજયની ૬૯ પાલિકા, ૧ મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી

**રાજયમાં ૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિધ્ધ થશે : ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે**

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
70,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૧/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં લોકલ સ્વરાજયની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે. રાજયમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૫, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે.

અનુસંધાન પાના ૬ ઉપર

## લાઠી, ચલાલા, જાફરાબા અને રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર

અમરેલી, તા.૨૧

રાજયમાં જાહેર થયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં પણ "ડી" વર્ગની લાઠી અને ચલાલા અને સી વર્ગની લાઠી અને જાફરાબાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાશે. આ ઉપરાંત એ ગ્રેડની અમરેલી નગરપાલિકાની વોર્ડ નં. ૭ અને ૫ માં તથા ડી ગ્રેડની કુંડલામાં વોર્ડ નં. ૩ માં અને ડી ગ્રેડની દામનગર પાલિકામાં વોર્ડ નં. ૨ અને ૩ માં એક–એક બેઠકની પેટા ચૂંટણી જાહેર થઈ છે. સાથે સાથે તાલુકા પંચાયતોમાં અમરેલી જિલ્લાનાં બાબરાની કરીયાણા, બગસરાની વાઘણીયા જુના અને ધારીની મીઠાપુર ડુંગરીની પેટા ચૂંટણી પણ જાહેર થઈ છે.

### પત્રકારોએ મામલતદારને આવેદનપત્ર પાઠવતાં

# જાફરાબાદનાં પત્રકાર ઉપર હુમલો કરનાર ૭ શખ્સોની અટકાયત

### અખબારી યાદી પ્રસિધ્ધ થયા બાદ પત્રકારને કરાયા હતા પરેશાન


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ ખાતે પત્રકાર ઉપર રાગદ્વેષ રાખી હુમલો કરતા તત્વોના વિરૂદ્ધમાં પ્રેસ કલબ ઓફ જાફરાબાદના તમામ પત્રકારો દ્વારા મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવતા ટાઉન પોલીસ ટીમ દ્વારા સાતેક તત્વોને ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પત્રકાર ઉપર થયેલ હુમલાના વિરૂદ્ધમાં જાફરાબાદના તમામ પત્રકારો મામલતદાર કચેરીએ ગયા હતા અને હુમલો કરનાર સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા માટે આ આવેદનપત્રમાં જણાવેલ છે. તમામ પત્રકારો સાથે મળીને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું છે. પત્રકારત્વ લોકશાહીનું ચોથું થંભ હોય પત્રકાર જનતા જનાર્દનની વેદનાને વાચા આપતા હોય છે. તંત્ર અને સરકારના જનતા જનાર્દનના પ્રાણપ્રશ્નો અખબાર અને સોશ્યલ મીડિયાના માધ્યમથી રજૂ કરતાં હોય છે. પરંતુ જાફરાબાદ ખાતે ઘણા સમય પહેલા દરિયાઈ ખાડીમાં પર્યાવરણ અને દરિયાઈ જીવસૃષ્ટિ અને મેન્ગૃવ્સ વૃક્ષોનું નિકંદન થતું હોય ત્યારે પત્રકાર દ્વારા આ બાબતની પ્રેસ નોટ પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય. તેનો રાગદ્વેષ રાખી પત્રકાર સાથે ફરતા મિત્રો સાથે પણ આ તત્વો ધાકધમકી તથા મારકુટ તથા મારી નાખવાની ધાકધમકીઓ આપતા હોય અને અગાઉ પણ મિત્ર ઉપર હુમલો કરવામાં આવેલ હોય અને પત્રકાર સાથે પણ તા. ૧૭/૧/૨૦૨૫ ના રોજ પત્રકાર ઉપર હુમલો તેમજ તેઓના વાહનમાં બાળકો પણ હોય ત્યારે આ આરોપીએ પોતાની બાઈક પત્રકારની બાઈક સાથે ટકરાવી તે રીતે બેફામ ચલાવી અથડાવી તેઓએ વાહન કંટ્રોલ કરી લીધેલ અને સદરહુ આરોપીએ પોતાની બાઈક પત્રકારના બાઈકની આગળ રાખી મનફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને આરોપીએ ફોન કરી તેઓના મિત્રોને બોલાવ્યા સાતેક શખ્શો આવી પત્રકારને ગોંધી રાખવામાં આવતા તમામ શખ્સો વિરૂદ્ધ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવતા સ્થાનિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર દ્વારા ગંભીરતા લેવામાં આવતા સાતેક શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ આવેદનપત્ર આપવા જતા તમામ પત્રકારો સાથે હરેશભાઈ બાંભણીયા એડવોકેટ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ આવેદનપત્ર પ્રેસ કલબ ઓફ જાફરાબાદના તમામ પત્રકારોમાં વરિષ્ઠ પત્રકાર એચ.એમ. ઘોરી તથા બાબુભાઈ વાઢેળ, અકબરભાઈ સૈયદ, કાળુશા કનોજીયા, ભરતભાઈ બારૈયા, કિશોરભાઈ આર. સોલંકી, ફિરોઝખાન પઠાણ, મહેશભાઈ રાજયગુરૂ, રસુલ ખાન પઠાણ, દાઉદભાઈ કરૂડ, ઈમરાનભાઈ હુસેનભાઈ શેખ, મહેશભાઈ બારૈયા ઉપસ્થિત રહી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

### અવારનવાર ટ્રાફિકથી ધમધમતા રૂટ બંધ કરવા કે મોડી બસ ચલાવવાની ફરિયાદ

# અનિયમિતતાની ભરમાર : બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લા એક વર્ષથી એસ.ટી. બસ ચલાવવામાં દે ધનાધન

### વિભાગીય નિયામક વાતાનુંકુલિન કચેરીમાં બેસતા હોવાથી તેઓને ગરીબ મુસાફરોની ચિંતા નથી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૧

બગસરા એસ.ટી. ડેપોમાં અવાર નવાર બસો મોડી ઉપડવાની ફરિયાદો આવી રહેલ છે. ત્યારે ગઈ કાલે બગસરા–અંબાજી બે કલાક મોડી ઉપાડતા પેસેન્જરો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. જેમાં લાંબા રૂટની બસ મોડી ઉપાડતા કોઈને દવાખાનાના કામે તો કોઈના નિયત સ્થળેથી અન્ય બસ પકડવાનો સમય બગડતા લોકો દ્વારા કહેવામાં આવેલ છે કે આવા બનાવો છાશવારે બનતા જોવા મળે છે. તો આ નિંભર તંત્ર એસ.ટી. નિગમ પાસે એક જ જવાબ હોય છે સ્ટાફની કમી છે આવા અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યાં છે. જયારે એસ.ટી. નિગમ તરફથી સ્લોગન બહાર પાડેલ છે સલામત સવારી એસ.ટી. અમારી પણ હવે નિગમને સલામત સવારી ગમે ત્યારે ઉપાડે એવું સ્લોગન બનાવવા ની જરૂર વર્તાય રહી છે. પેસેન્જર એસોસિએશનને પણ લોકો દ્વારા અનેક વખત રજુઆતો કરી છે ત્યારે પેસેન્જર એસોસિએશન દ્વારા એસ.ટી. નિગમને પણ અનેક વખત રજુઆત કરી છે કે લાંબા રૂટની બસો નિયત સમયે ઉપાડે જેથી કરીને લોકો સમયસર નિયત સ્થળે પહોંચી શકે. પરંતુ આ નિંભર તંત્રને તો જાણે કાઈ ફરક જ ના પડતો હોય તેમ ગમે ત્યારે બસો ઉપાડે છે. તો લોકોમાં માંગ ઉઠી છે કે સમયસર બસો ઉપાડે જેથી લોકો સમયસર નિયત સ્થળે પહોંચી શકે.

હાલ જાણવા મળતી માહિતી મુજબ ડ્રાઈવરને ૪૦૦ કિ.મી. દૂર રહેતો હોય જેથી રજા ઉપર હોય અને ઘરેથી પરત આવતો હોય જેથી તેમની બગસરા–અંબાજીમાં નોકરી લખેલ જેથી સમયસર પહોંચી ન શકયો ન હોય. આ બાબતે ડેપો મેનેજર તથા એટીઆઈની ઘોર બેદરકારી જોવા મળી છે આનો ભોગ પેસેન્જર બને છે. બગસરા–અંબાજી ૭:૦૦ વાગે ઉપડતી બસ નવ વાગે ઉપડે તો પેસેન્જરમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. વિભાગીય નિયામકને પણ આવા પ્રશ્નને ગંભીરતા લઈ તાત્કાલિક ધોરણે પગલાં લેવા જોઈએ તેવી લોક માંગણી ઉઠી છે.

### રસનાળ ગામે પાણી વાળવા બાબતે બોલાચાલી

# બાબરાનાં વાંકીયા ગામનાં આધેડ ઉપર શીરવાણીયા ગામે હુમલો

અમરેલી, તા. ૨૧

બાબરા તાલુકાના વાંકીયા ગામે રહેતા ચોથાભાઈ ઉર્ફે ભકુભાઈ નાનજીભાઈ મકવાણા નામના ૪૭ આધેડે રસનાળ ગામે જમીન વાવવા માટે ભાગ્યુ રાખેલ હોય અને તેની બાજુમાં બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા આરોપી શિવાભાઈ લખમણભાઈ ભેસજાળીયા તથા વિજયભાઈ લખમણભાઈ ભેસજાળીયાએ પણ વાડી ખેતર ભાગ્યુ રાખેલ હોય અને જમીનમાં પાણી પાવા બાબતે આશરે ત્રણેક મહિના પહેલ માથાકુટ થયેલ હોય. તે બાબતનુ મનદુઃખ રાખી આરોપીએ શીરવાણીયા ગામે આવેલ સીતાપરીના નદીના કાંઠે આધેડ તથા તેમના પત્નિ જતા હોય તેમને રોકી આરોપીઓએ આધેડ તથા તેમના પત્નિને જેમ ફાવે તેમ ગાળો આપી આરોપીઓએ તેમના હાથમાં રહેલ લોખંડની પાઈપો વડે આધેડ તથા તેમના પત્નિને માર માર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### શિયાળુ પાક તૈયાર થવામાં એક માસનો જ સમય બાકી

# વડિયા પંથકમાં નર્મદાની પાઈપ લાઈનની કામગીરી શરૂ થવાથી ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાનની ભીતી

### કિસાન ક્રાંતિ ટ્રસ્ટ અને ખેડૂત આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૧

વડિયા કુંકાવાવમાંથી નર્મદાના પાણીની પાઈપલાઈન ભેસાણ તરફ જાય છે તેની કામગીરી હાલ ચાલુ કરવામાં આવી છે. ચોમાસા બાદ ખેડૂતોએ પોતાની જમીનમાં શિયાળુ પાક ચણા, ધાણા, તુવેર જેવા પાકોનું વાવેતર કરેલ હોય જે એક માસમાં સંપૂર્ણ તૈયાર થાય તેમ હોય ત્યારે હાલ આ ખેડૂતોના તૈયાર થતા પાકમાં પાઈપલાઈન નાખનાર કોન્ટ્રાકટર જેસીબીથી ખોદકામ કરીને ઉભા પાકને નુકશાની કરતા હોય ત્યારે ખેડૂતોએ આ કામગીરી થોડા સમય માટે વડિયાથી ખાખરીયા આસપાસ અટકાવી હતી તે ફરી શરૂ થતા ખેડૂતોએ હાલ વડિયા મામલતદારને આવેદનપત્ર આપીને આ કામગીરી એક માસ પૂરતી મુલતવી રાખીને ખેડૂતોના મોઢે આવેલો શિયાળુ પાકનો કોળિયો ના છીનવાય અને હાલ તુરંત આ કામગીરી બંધ કરવા સૂચના આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ તકે ખેડૂતો મામલતદારને બે હાથ જોડી પોતાનો પાક બચાવવાં વિનંતી કરતા જોવા મળ્યા હતા. જો કે આ કામગીરી શરૂ રાખવામાં આવશે તો આવનાર સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ તકે મામલતદાર દ્વારા ખેડૂતોની રજુઆત તાત્કાલિક ઉચ્ચકક્ષાએ કરવાની ખાત્રી આપવામાં આવી હતી.

### કેસનાં લગત તમામ સાક્ષીઓ, પૂરાવાઓની ચકાસણીનાં અંતે

# બાબરા તાલુકાનાં પોકસોના ગુન્હામાં આરોપીને નિર્દોષ જાહેર કરતી અમરેલીની એડી. ડીસ્ટ્રીકટ કોર્ટ

### બચાવ પક્ષે જે.આર. વાળા, એન.પી. વસાણી, મેવાડાની દલીલો ગ્રાહ્ય રહી





બાબરા, તા. ૨૧

બાબરા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૩૦૫૩૯થી ગુન્હો દાખલ થયેલ જેમાં આઈપીસી ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકતમુજબની કલમો સાથે ફરિયાદમાં આરોપી તરીકે ભાવેશભાઈ ઉર્ફે, રાહુલ શંભુભાઈ મેતલીયાની અટક કરવામાં આવેલ જે કામે પોલીસ દ્વારા ચાર્જસીટ પુરતા પુરાવાઓ સાથે કોર્ટમાં સબમીટ કરવામાં આવેલ ત્યારબાદ કેસની ટ્રાયલ ચાલુ થયેલ જેમાં ફરિયાદી, પંચો, સાહેદો, સરકારી સાહેદો, અધિકારી, ડોકટર્સ તથા કેસનાં તપાસ કરનારને તપાસતા અંતે કોર્ટ દ્વારા આરોપીનો નિર્દોષ છુટકારો કરેલ જેમાં બચાવ પક્ષે જે.આર. વાળા તથા એન.પી. વસાણી તથા મેવાડા રોકાયેલ હતા.

# ખાંભામાં સ્પેશિયલ એજયુકેટર તરીકે ફરજ બજાવતાં યુવક દ્વારા "પક્ષી બચાવો" અભિયાનનો અનોખો સેવાયજ્ઞ





તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા ભગવતીપરા ખાતે રહેતા અને બીઆરસી ભવન ખાંભામાં સ્પેશિયલ એજયુકેટર (આઈઈડી) તરીકે ફરજ બજાવતા યુવાન અજયભાઈ સરવૈયા દ્વારા છેલ્લા સાત વર્ષથી ઉતરાયણમાં "પક્ષી બચાવો"નો અનોખો સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે. ઉતરાયણમાં પતંગ રસિયા દ્વારા પતંગોના પેચ લગાવી એકબીજાની પતંગો કાપતા વૃક્ષો ઉપર, છત, શેરી, ખુલી જગ્યા, નળીયા કે જાહેર રસ્તા ઉપર પતંગ સાથેની દોરીઓ લટકતી હોય તે ભેગી કરી પક્ષીઓને ઉડવા કે મુકત જીવન જીવવામાં નડતર રૂપ પતંગના જીવન દોરાથી ઉતરાયણ બાદ પક્ષીઓ ઘાયલ ન થાય તે માટે આ સેવાયજ્ઞ ચલાવી ૩ થી ૧૫ વર્ષના બાળકોમાં જીવદયાનો ભાવ જાગે અને "જીવો અને જીવવા દો"ના ઉદેશોને નૈતિક સંસ્કાર બાળપણથી જ મળે એવા આશયથી બાળકો દ્વારા ઘર, શેરી, વૃક્ષો, ખુલ્લી જગ્યા કે રસ્તાઓમાંથી જીવલેણ દોરાનો, નકામા ગૂંચળા અને ફાટેલી પતંગો ભગવતીપરા ખાતે રહેતા અજયભાઈ સરવૈયાને આપીને ચવાણું, મમરા લાડુ, મીઠાઈ, ફ્રુટ, ચોકલેટ ભરેલ પ્લાસ્ટિકના લંચબોકસ નકામા દોરા અને ફાટેલા પતંગો લાવેલ બાળકોને વિનામૂલ્યે આપીતે પ્રોત્સાહિત કરી એકઠા કરેલ દોરાના ગુંચળા કે પતંગોને સળગાવી તેનો નાશ કરી ખરા અર્થમાં "પક્ષી બચાવો" અને "જીવો અને જીવવા દો"નાં ઉદેશો સાથે અનોખો સેવાયજ્ઞ દ્વારા સર્વને પણ પ્રેરણા આપે છે. આ સેવાયજ્ઞના કાર્યને સિદ્ધ કરવા સ્વૈચ્છિક દાતા ખચહ હફઈ નિલેશભાઈ ઉનાગર, હકુંભા રાઠોડ, પ્રતિનિધિ ખાંભા સરપંચ બાબભાઈ કેલ્વિનભાઈ શિક્ષક અને સાથી શિક્ષકમિત્રો, નિકુંજભાઈ પંડયા, હરીચરણદાસ વગેરે આર્થિક યોગદાન આપેલ. સાથે શાંતિલાલ, મહાવીરસિંહ, રસિકભાઈ વગેરેએ સેવાધર્મ કરીને આ કાર્યને સાર્થક કરવા અને દરેક બાળ માણસમાં "પક્ષી બચાવો" અભિયાન હેઠળ જીવદયાના સંસ્કારો જાગૃત કરવામાં યોગદાન આપી "જીવો અને જીવવા દો"ની પ્રેરણા પૂરી પાડવામાં સહભાગી થયેલ છે.

## પીડિત યુવતી પાયલ ગોટી તેમજ પોલીસકર્મીઓનાં નિવેદનો નોંધ્યા


# અમરેલીમાં ડીઆઈજી નિર્લિપ્તરાય દ્વારા લેટરકાંડની તપાસનો ધમધમાટ

**જેલમાં રહેલ આરોપીઓનાં નિવેદનો નોંધ્યા હોવાનું પણ અનુમાન**

**અમરેલી જિલ્લા સહિત રાજયભરની જનતાની નજર લેટરકાંડની તપાસ પર મંડાયેલી છે**

**નિર્દોષ યુવતીએ ડીજીપીને આપેલ લેખિત અરજ બાદ તપાસ શરૂ કરવામાં આવી**

**સમગ્ર પ્રકરણની તપાસ કરીને રીપોર્ટ રાજ્ય પોલીસ વડાને સુપ્રત કરાશે**



અમરેલી, તા.૨૧

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા નકલી લેટરકાંડ મામલે અમરેલી પોલીસ સામે પાયલ ગોટીને માર મારવા તથા તેણીનું જાહેરમાં સરઘસ કાઢવાના મુદે પાયલ ગોટીદ્વારા પોલીસ સામે આક્ષેપ કરેલ છે. જેના પગલે પાયલ ગોટીએ રાજય પોલીસ વડાને કરેલ ફરિયાદના મુદે તપાસ કરવા માટે ગઈકાલથી જ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઈ.જી. નિર્લિપ્તરાય અમરેલી આવી પહોંચ્યા છે અને અત્રેના સર્કિટ હાઉસ ખાતે તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે અને એક પછી એક વ્યકિતના નિવેદનો નોંધી રહયા છે. ત્યારે આજે બીજા દિવસે પણ આ તપાસનો ધમધમાટ શરૂ રહેવા પામેલ છે. જેમાં જેલ હવાલે રહેલાં આરોપીનીની પણ પુછપરછ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા સામે ગંભીર પ્રકાર આક્ષેપવાળા ચકચારી નકલી લેટરકાંડ મામલે અગાઉ પોલીસ દ્વારા પાયલ ગોટીને માર મારવા તથા તેણીનું જાહેરમાં સરઘસ કાઢવાના મુદે અમરેલી જિલ્લા સહિત ગુજરાતમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં પાયલ ગોટીએ રાજય પોલીસ વડા વિકાસ સહાયને કરેલ લેખિત ફરિયાદના મુદે તપાસ કરવા માટે રાજય પોલીસ વડાએ અમરેલીના પુર્વ એસ.પી. અને હાલ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઈ.જી. નિર્લિપ્તરાયને સોંપેલ છે. જેના અનુસંધાને ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઈ.જી. નિર્લિપ્તરાય છેલ્લા બે દિવસથી અમરેલી ખાતે મુકામ કરેલ છે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય ગઈકાલે અમરેલી આવ્યા બાદ અમરેલી પોલીસ સામે ફરિયાદ કરનાર પાયલ ગોટીનું નિવેદન અત્રેના સર્કિટ હાઉસ ખાતે નોંધાયું હતું અને લાંબી પુછપરછ બાદ આ બનાવમાં લાગતા વળગતા પોલીસકર્મીઓને પણ એક પછી એકના નિવેદન નોંધવામાં આવ્યા હતા અને આજે બીજા દિવસે પણ આ કેસમાં લાગતા વળગતા લોકોને એક પછી એકને બોલાવી અને વધુ નિવેદન નોંધવાની કામગીરી આગળ ચાલી હતી. જયારે અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા નકલી લેટરકાંડના મુખ્ય આરોપી હાલ જેલમાં રહેલાં આરોપીના નિવેદન લેવાં માટે જિલ્લા જેલ ખાતે પહોંચ્યા હતા અને તેમના નિવેદન પણ નોંધ્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઈ.જી. તથા સ્ટાફના લોકો આજે સાંજ સુધીમાં પોતાની તપાસ પુરી કરી અને આ તપાસનો રીપોર્ટ રાજયના પોલીસ વડાને સુપ્રત કરનાર હોવાનું જાણવા મળેલ છે. ત્યારે અમરેલીમાં છેલ્લા બે દિવસથી ભારે ચકચાર મચી જવા પામી છે.

---

**એસપી સંજય ખરાતની સુચનાથી**

## અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં ૧૭ ગુન્હામાં પકડાયેલ વિદેશી દારૂની ૫૨૧૪ બોટલનો નાશ

**ઠેબી ડેમ નજીક પડતર જમીનમાં કરાયો નાશ**



અમરેલી, તા.૨૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તેમજ નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈએ પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનાઓમાં ઝડપાયેલ પ્રોહીબીશનના મુદ્દામાલનો નાશ કરવા જરૂરી સુચનાઓ તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી પોલીસ સ્ટેશનના કુલ ૧૭ ગુન્હાના અલગ અલગ બ્રાંડના પરપ્રાંતના ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૫૨૧૪ કિંમત રૂા. ૧૨,૦૫,૨૪૧ના મુદ્દામાલનો નાશ કરવા મે.ચીફ.જયુ.મેજી. અમરેલી કોર્ટ પાસેથી હુકમો મેળવી તા. ૨૦ના રોજ અમરેલી મુકામે ઠેબી ડેમ નજીક ગોળીબારના ટેકરા પાસે પડતર ખરાબાની સરકારી જમીનમાં સબ.ડીવી.મેજીસ્ટ્રેટ અમરેલી તથા વિભાગીય પોલીસ અધિકારી અમરેલી તથા પ્રોહી. એકસાઈઝ અમરેલીની કમીટીની રૂબરૂમાં પ્રોહી મુદ્દામાલનો નાશ કરવામાં આવેલ છે.

---

**સમી સાંજનાં સમયે બે ઈસમોએ કર્યુ કારસ્તાન**

## અમરેલીનાં જેશીંગપરાનાં પુલ નજીકથી યુવા ફોટોગ્રાફરનું લવમેરેજ કરવા બદલ અપહરણ

**ફોટોગ્રાફરનો મોબાઈલ, પાકીટ, બાઈકની ચાવી બળજબરીથી કાઢી લીધા**

અમરેલી, તા. ૨૧

અમરેલીના ચિતલ રોડ સર્વોદય સોસાયટી બાબા સાહેબ આંબેડકર હોલવાળી શેરીમાં રહેતા દર્શનભાઈ ભીખુભાઈ ભાસ્કર નામના ૨૨ વર્ષિય વીડીયોગ્રાફરની પત્નિ સુરભીબેન સાથે તેણીના માતા–પિતાની વિરૂધ્ધમાં જઈ સાથે કોર્ટ મેરેજ કરેલ હોય. જે બાબતે વીડીયોગ્રાફરની પત્નિ પક્ષે આ અંગેનો ખાર રાખી તા. ૨૦ના રોજ સાંજના ૫:૩૦થી ૬:૩૦ દરમ્યાન વીડીયોગ્રાફર તેમનું મોટર સાયકલ લઈ લગ્નના વિડીયો શુટીંગમાં અમરેલી જેસીંગપરા શિવાજી ચોકથી આગળ જતા હતા અને જેસીંગપરાનાં પ્રથમ પુલ પાસે પહોંચતા ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા રાજુભાઈ કાનાભાઈ પરમાર (વીડીયોગ્રાફરના મામાજી) તથા ખાંભા તાલુકાના માલકનેસ ગામે રહેતા ચેતનભાઈ મનજીભાઈ સોંદરવા (વીડીયો ગ્રાફરના સાળા) વીડીયો ગ્રાફરના મોટરસાયકલની આગળ આરોપીઓએ પોતાનું મોટર સાયકલ ઊભું રાખી અવરોધ કરી વીડીયોગ્રાફરને તેની મોટર સાયકલમાંથી ઉતારી રાડો પાડીશ તો બ્લેડથી ગળું કાપી નાખીશ તેવી ગર્ભિત ધમકી આપી આરોપીએ પોતાના મોટર સાયકલમાં બળજબરીપૂર્વક બેસાડી અપહરણ કરી ચલાલા તરફ લઈ ગયેલ. તે દરમ્યાન બંને આરોપીઓએ વીડીયોગ્રાફરને જેમ ફાવે તેમ ગાળો આપી ચાલુ મોટર સાયકલે વીડીયો ગ્રાફરને ઘુસતા મારી તેમજ માથામાં પાછળના ભાગે બ્લેડ વડે ઘા તથા લાફો મારી વીડીયોગ્રાફરને ઈજા કરી તેમજ ગામમાં સરઘસ કાઢી કટકા કરી નાખવાની ધમકી આપી આરોપીઓએ વીડીયોગ્રાફરનો મોબાઈલ, પાકીટ તથા મોટર સાયકલની ચાવી, કેમેરાની બેટરી, ચાર્જિંગ બળજબરીપૂર્વક કાઢી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



















# રાજુલા : શ્રી કમળાબેન ર. ગાંધી ફ્રી લાયબ્રેરીના ૧૦૦ વર્ષ પુર્ણ થતા શતાબ્દી મહોત્સવ ઉજવાયો



રાજુલા, તા. ૨૧

રાજુલા શહેર ખાતે ગાંધી ચેરીટી લાયબ્રેરી ટ્રસ્ટ રાજુલા સંચાલિત શ્રી કમળાબેન ર. ગાંધી ફ્રી લાયબ્રેરીની સ્થાપના તા.૧૫/૧/૧૯૨૫ ના રોજ થયેલ જેને તા.૧૫/૧/૨૦૨૫ ના રોજ સો વર્ષ પુરા થતા તેના શતાબ્દી વર્ષ ની ઉજવણીના ભાગરૂપે તા. ૧૯.૧.૨૦૨૫ને રવિવાર ના સવારે ના ૧૦.૩૦ કલાકે નિવૃતિ સદન ખાતે કાર્યક્રમ નું આયોજન કરવા માં આવેલ હતુ. કાર્યક્રમ ની શરૂઆત દિપ પ્રાગટ્ય મહેમાનો દ્વારા અને પ્રાર્થના જાગૃતીબેન રાજયગુરૂ અને દિકરીઓ દ્વારા કરવામાં આવી હતી.

પુષ્પગુચ્છ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચન શશિભાઈ રાજયગુઢ કવિ'હેમાળી'એ કર્યુ હતું જેમાં રાજુલા લાયબ્રેરી નો ઈતિહાસ, સગવડતાઓ, લાયબ્રેરી મા ઉપલબ્ધ વિવિધ વિભાગ ના પુસ્તકો, સામયિકો ને વર્તમાનપત્રો અને લાયબ્રેરી ટ્રસ્ટ ની વિકાસગાથા ની વિશદ છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને અધ્યક્ષ મુબઈ સ્થિત જગદીશભાઈ સી. ગાંધી, પ્રમુખ ગાંધી ચેરીટી લાયબ્રેરી ટ્રસ્ટ રાજુલા એ તેમના પ્રવચનમાં લાયબ્રેરીની વિકાસગાથા અને તેનો મહત્તમ ઉપયોગ વાચકો દ્વારા થાય તેવી હિમાયત કરી હતી. તેમના દ્વારા થયેલા લુપ્ત થયેલી સરસ્વતી નદી અને કચ્છ ના ધોળાવીરા ના પુરાતન નગરના સંશોધન વિશે વાત કરી હતી. તેમના ટ્રસ્ટો દ્વારા ચલાવવામા આવી રહેલા મહુવા ખાતેના વૃધ્ધાશ્રમ, ગાંધી બાગ, આધુનિક જીમ. સાવરકુંડલા ખાતે ચાલી રહેલી ગેશાળા, રાજુલામાં ચાલી રહેલી ફ્રી લાયબ્રેરી વીશે તેમજ રાજુલા– જાફરાબાદ– ખાંભા વિસ્તારની કોલેજ કરતીને ફી ભરવા અશક્ત એવી દિકરીઓ ની ફી ભરવા ની તેમાં દ્વાર થઈ રહેલી કામગીરી ની વાત કરી હતી.ને લાયબ્રેરી ના સંચાલક કે.સી.ચૌહાણની ગ્રંથપાલની કામગીરીની પ્રસંશા કરી હતી. આ સંવેદના વ્યક્ત કરવા સમયે ભાવુક બની ગયા હતા. અનંતરાય મહેતા , આ ટ્રસ્ટ ના ટ્રસ્ટી અને આકાર્યક્રમના અતિથિ વિશેષ એ પોતાના વક્તવ્યમાં ઉચ્ચ અભ્યાસમાં લાયબ્રેરીનું મહત્વ અને શેર–શાયરી ને ગઝલ પંક્તિઓ રજુ કરીને વાતાવરણ રંગીન બનાવી દિધું હતુ. ધારાસભ્ય હિરાભાઈ સોલંકી એ લાયબ્રેરીના સો વર્ષ પુર્ણ થયા ને તેના શતાબ્દી મહોત્સવ ઉજવણીના કાર્યક્રમ યોજવા શુભેચ્છાઓ પાઠવી હતી. લાયબ્રેરી ને રીનોવેટ કરવા કે પુસ્તકો ખરીદવા કે સુવિધાઓ ઉભી કરવા પાંચ લાખ જેટલી રકમ ની ગ્રાન્ટ ફાળવવા ની જાહેરાત કરી હતી. રાજુલા ના વતની અને ગુજરાત ના પ્રથમ હરોળ ના પત્રકાર અને લેખક ધૈવત ભાઈ ત્રિવેદી એ પોતાના લાયબ્રેરી સાથે ના સંસ્મરણો યાદ કર્યા હતા.સંજયભાઈ ગાંધી, વલ્ડ વાઈલ્ડ ફોટોગ્રાફર મુકેશભાઈ આચાર્ય, શ્રેષ્ઠ વક્તાને લેખિકા વૃન્દાબેન મહેતા, લેખક વિશ્વનું ભાઈ ભાલીયા, મહિલા કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલ, વિરલ કુમાર શિલુ, નિલેશભાઈ ચૌહાણ એ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના નવનિયુક્ત ટ્રસ્ટીઓ ગૌરાંગભાઈ મહેતા તેમજ કનુભાઈ વરૂને પ્રમુખ જગદીશભાઈ ગાંધી એ આવકાર્યા હતા. ટ્રસ્ટીએ બિપિન ભાઈ મહેતા, ગૌરાંગ ભાઈ મહેતા, જાણીતા પત્રકાર કનુભાઈ વરૂ, તેમજ વૃધ્ધાશ્રમ મહુવાના મેનેજર, કીશોર ભાઈ મુછાળા, આસી. મેનેજર અશોકભાઈ તેમજ લેખીકા મીનાબેન મહેતા હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાજુલા શહેર અગ્રણીઓ ભુવા કોલેજના ટ્રસ્ટી ગોપાલભાઈ ભુવા તથા પ્રિ. નીલેશભાઈ ચેહાણ, રવુભાઈ ખુમાણ, મહેન્દ્રભાઈ ધાખડા, સંજયભાઈ ધાખડા, વનરાજ ભાઈ વરૂ, ડો. વાઘમશી સા.કાનાભાઈ ગોહીલ, સાગર ભાઈ વાળા, નવનીતભાઈ મહેતા, ચિંતનભાઈ મહેતા, પ્રફુલભાઈ રાજયગુરૂ, જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય, દેવદત્તભાઈ ઠાકર, વિભાબેન મહેતા, ભારતીબેન સંઘવી, હેતલબેન મેખીયા, દેવકા વિપ્રયાપીઠ ના બેલાબેન નાયક, દુધેરી ગામના તાલુકા પંચાયત ના ભરતભાઈ શિયાળ, છગનભાઈ શિયાળ હાજર રહ્યા હતા. રાજુલાની સામાજીક સંસ્થાઓ કપોળ વણીક સમાજ ના રાજુભાઈ સંઘવી, બિપિન ભાઈ મહેતા, બજરંગદળના રાજેન્દ્રભાઈ, કિર્તીભાઈ, જે.ડી. ભાઈ ,ચેમ્બર ઓફ કોમર્સના ગૌરાંગભાઈ મહેતા, બકુલભાઈ વોરા, વિશ્વ હિન્દુ પરીષદ ના સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલાના જે.પી.ડેર, શશિભાઈ રાજયગુરૂ વગેરે એ શાલ, ફોટો કોપી ને હાર થી ટ્રસ્ટ પ્રમુખ જગદીશભાઈ ગાંધીનું સન્માન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમ નું સંકલન અને સંચાલન શશિ ભાઈ રાજયગુરૂ એ,આયોજન ગૌરાંગભાઈ મહેતા અને કનુભાઈ વરૂ એ તેમજ આભાર વિધિ અનંતરાય મહેતાએ કરી હતી.

# પૂજ્ય મોરારીબાપુના હસ્તે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા તા. ૨૧

વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા આયોજિત માનનીય સમાજના સૃષ્ટિ એવા ગોવિંદભાઈ ધોળકિયાની આત્મકથા ડાયમંડ આર ફોર એવર સો મોરાલ્સ વિષય ઉપર નિબંધ સ્પર્ધામાં લોકશાળા ખડસલીની કુ. ક્રિષા પ્રવીણભાઈ પટેલ સ્થાન પામેલ જેનું પ્રખર રામાયણ પૂજય સંત મોરારીબાપુ દ્વારા તેમજ ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા આ તકે ઉપસ્થિત વિદ્યાગુરૂ ફાઉન્ડેશન તેમજ અગ્રણી આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવેલ તેમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# બ્રાહ્મણ સમુદાયે દેશના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે બંધારણ ઘડવામાં બ્રાહ્મણોનું પણ યોગદાન : જસ્ટિસ કૃષ્ણા દીક્ષિત

**બંધારણ ઘડવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું અને તેમાંથી એક બીએન રાવની આંબેડકરે પોતે પ્રશંસા કરી હતી**

બેંગલુર,તા.૨૧

ભારતનું બંધારણ તૈયાર કરવા માટે રચાયેલી મુસદ્દા સમિતિના ૭ સભ્યોમાંથી ત્રણ બ્રાહ્મણો હતા. બંધારણ ઘડવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું અને તેમાંથી એક બીએન રાવની આંબેડકરે પોતે પ્રશંસા કરી હતી. બ્રાહ્મણ મહાસભાના કાર્યક્રમમાં પહોંચેલા કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ કૃષ્ણા એન.દીક્ષિતે આ અંગે જણાવ્યું હતું. તેમના સિવાય અન્ય જસ્ટિસ વી.શ્રીશાનંદે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

બેંગલુરુમાં બે દિવસીય કાર્યક્રમમાં જસ્ટિસ કૃષ્ણા એન. દીક્ષિતે કહ્યું કે બ્રાહ્મણ સમુદાયે દેશના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે. બંધારણના મુસદ્દામાં બ્રાહ્મણોનું યોગદાન એટલું હતું કે ભીમરાવ આંબેડકરે ખુદ તેની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આંબેડકરે કહ્યું હતું કે જો બીએન રાવે બંધારણ ન બનાવ્યું હોત તો તેને તૈયાર કરવામાં હજુ ૨૫ વર્ષનો સમય લાગત.આ ઉપરાંત ભીમરાવ આંબેડકરના જીવનમાં તેમના બ્રાહ્મણ શિક્ષકના યોગદાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ભીમરાવ આંબેડકરના કૃષ્ણજી નામના શિક્ષકે જ તેમને આંબેડકર અટક આપી હતી, જે પહેલા આંબાવડેકર હતી. ભીમરાવ આંબેડકરના જન્મ પછી તેનું નામ ભીમરાવ રામજી આંબેડકર રાખવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આંબેડકરના બ્રાહ્મણ શિક્ષકે પણ તેમને આર્થિક મદદ કરી હતી જેથી કરીને તેઓ તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે. આના પરથી સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણો દરેકનો આદર કરે છે. તેમણે કહ્યું કે ભારત રત્ન મેળવનાર બ્રાહ્મણ પીવી કેને સાત ગ્રંથોમાં ધર્મશાસ્ત્રની રચના કરી છે. આ પુસ્તકમાં તેમણે બિનબ્રાહ્મણોએ આપેલા યોગદાનનો ઉલ્લેખ કર્યો છે. આગળ તેઓ કહે છે કે બ્રાહ્મણ એ જાતિ નથી પણ વર્ણ છે. તેમણે કહ્યું કે વેદ વ્યાસ એક માછીમારના પુત્ર હતા અને તેવી જ રીતે વાલ્મીકિ પણ એસસી અથવા એસટી સમુદાયના હતા. તેમ છતાં તેમણે રામાયણ લખી અને અમે આજે પણ તેમની પૂજા કરીએ છીએ.

તેમના દ્વારા લખાયેલી રામાયણને પણ બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. બંધારણમાં સમાવિષ્ટ ૩૨ તસવીરોમાં એક ભગવાન રામની છે. તેમણે કહ્યું, 'જ્યારે આપણે બ્રાહ્મણની વાત કરીએ છીએ ત્યારે તે ગર્વની વાત છે. કારણ કે તે બ્રાહ્મણોએ જ દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટ અદ્વૈત અને શુદ્ધ અદ્વૈતની ફિલસૂફી આપી હતી. આપણા બ્રાહ્મણ સમુદાયે જ વિશ્વને બસવન્ના આપ્યા હતા.

તેમણે કહ્યું કે બંધારણની મુસદ્દા સમિતિમાં ત્રણ બ્રાહ્મણો હતા. આ હતા કૃષ્ણસ્વામી ઐયર, ગોપાલસ્વામી આયંગર અને બીએન રાવ. જસ્ટિસ દીક્ષિતે પોતાના ભાષણમાં બીજા ઘણા લોકોનો ઉલ્લેખ કર્યો.

તેમણે કહ્યું કે કલ્હાન નામના બ્રાહ્મણે રાજતરંગિની રચના કરી હતી અને અલ્લામા ઈકબાલ પણ પહેલા બ્રાહ્મણ હતા, જેમણે સારે જહાં સે અચ્છાની રચના કરી હતી. આ ઉપરાંત તેમણે રવીન્દ્રનાથ ટાગોરનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમણે ભારતનું રાષ્ટ્રગીત જન-ગણ-મન લખ્યું હતું અને બાંગ્લાદેશ માટે અમર સોનાર બાંગ્લા પણ રચ્યું હતું.

# વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું દેશમાં આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન ૧૦૦ કરોડને પાર

**આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે**

નવીદિલ્હી,તા.૨૧

UIDAIના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે, UIDAI-આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું, તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન અકડા પર નજર કરીએ તો છેલ્લા પાંચ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનઃપ્રતિષ્ઠિત કરે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને UIDAI ના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે.યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા- UIDAIના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના BFSI, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો. જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉધોગકારો, નિષ્ણાતો અને ટેક્નોક્રેટ્સે ભાગ લીધો હતો. આ પહેલા આધાર સંવાદ નવેમ્બરમાં બેંગ્લોરમાં યોજાયો હતો.

# જન્મનું સર્ટિફિકેટ બનાવનારાઓ માટે એક ખુશખબર સરકારી કચેરીઓના ચક્કર લગાવવાની ઝંઝટનો અંત! વોટ્સએપમાં મળશે જન્મ-મૃત્યુનું પ્રમાણપત્ર

**આંધ્ર પ્રદેશ સરકાર ટૂંક સમયમાં જ તેની 'WhatsApp ગવર્નન્સ સર્વિસ' હેઠળ WhatsAppના માધ્યમથી જન્મ અને મૃત્યુનું પ્રમાણપત્ર ઘર બેઠા આપશે**

આંધ્રપ્રદેશ,તા.૨૧

તમે બધાએ તમારા પરિવારજનોનું જન્મ અને મૃત્યુના પ્રમાણપત્ર બનાવવા માટે ઘણી બધી સરકારી કચેરીઓના ધક્કા ખાધા હશે, પરંતુ હવે આ મુશ્કેલીને ઘટાડવા માટે આંધ્રપ્રદેશ સરકાર એક દમદાર યોજના શરૂ કરવા જઈ રહી છે. જે પછી તમે દુનિયાના કોઈપણ ખૂણામાં બેસીને તમારા મોબાઈલ પર તમારું જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર માંગી શકો છો. આંધ્ર પ્રદેશ સરકાર ટૂંક સમયમાં જ તેની 'WhatsApp ગવર્નન્સ સર્વિસ' હેઠળ WhatsApના માધ્યમથી જન્મ અને મૃત્યુનું પ્રમાણપત્ર ઘર બેઠા આપશે. મુખ્ય સચિવ કે વિજયાનંદ જેમણે સોમવારે (૨૦ જાન્યુઆરી) તેની જાહેરાત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે આ સેવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ આ મહિનાના અંતમાં તેનાલીમાં આયોજિત કરવામાં આવશે, જેથી પ્રક્રિયાની શોધ કરી શકાય. વિજયાનંદે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુના ઉદ્દેશ્યોને અનુરૂપ લોકોને વ્હોટ્સએપ ગવર્નન્સ સેવાઓ પ્રદાન કરશે. આ અંતર્ગત લોકો જલ્દી જ WhatsApp દ્વારા જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવી શકશે. વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સોમવારે રીઅલ-ટાઈમ ગવર્નન્સ સોસાયટી (RTGS) કાર્યાલયમાં પ્રક્રિયા અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

વિજયાનંદે ભારપૂર્વક જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનનો હેતુ WhatsApp ગવર્નન્સની રજૂઆત કરીને સરકારી સેવાઓને વધુ સુલભ અને સુવિધાજનક બનાવવાનો છે. તેમણે આરટીજીએસ અને સંબંધિત વિભાગોના અધિકારીઓને આ પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી છે. તેમણે પંચાયતી રાજ, આરોગ્ય અને મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન વિભાગોને આ પહેલના સફળ અમલીકરણ માટે RTGS અધિકારીઓને સંપૂર્ણ સહકાર આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિએ તેના બાળકોનું જન્મ પ્રમાણપત્ર અથવા કુટુંબમાં કોઈનું મૃત્યુ થવાના કિસ્સામાં મૃત્યુનું પ્રમાણપત્ર મેળવવાનું હોય, ત્યારે તેણે તેના પોતાના જિલ્લાની મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જઈને અરજી કરવી પડે છે. તપાસ બાદ ત્યાંથી સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.

એટલું જ નહીં અરજદારોએ મહાનગરપાલિકાના અનેક ચક્કર પણ મારવા પડે છે. ઘણી વખત લોકો પાસેથી લાંચ પણ માંગવામાં આવે છે. આવી સ્થિતિમાં રાજ્ય સરકાર લોકોની સુવિધા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે.

# શપથ લેતાં જ ટ્રમ્પે લીધા તાબડતોબ ફેંસલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી ખસી જશે

**ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ, અમેરિકા પેરિસ સમજૂતીમાંથી ખસી ગયું હતું, પરંતુ જો બિડેન રાષ્ટ્રપતિ બન્યા પછી તે ફરીથી તેમાં જોડાઈ ગયું**

વોશિંગ્ટન,તા.૨૧

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકાને ખસી જશે. ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી, વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે યુએસ એક દાયકામાં બીજી વખત ક્લાઈમેટ ચેન્જ સામે લડવાના વૈશ્વિક પ્રયાસોથી દૂર રહેશે. અગાઉ, ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ, અમેરિકા પેરિસ સમજૂતીમાંથી ખસી ગયું હતું, પરંતુ જો બિડેન રાષ્ટ્રપતિ બન્યા પછી તે ફરીથી તેમાં જોડાઈ ગયું.ટ્રમ્પે આ કરારને વિશ્વાસઘાત ગણાવ્યો હતોક્લાઈમેટ ચેન્જની ખરાબ અસરોથી બચવા માટે વિશ્વના દેશોએ વૈશ્વિક તાપમાનને પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવા માટે આ કરાર કર્યો છે. ટ્રમ્પે આ સમજૂતીને છેતરપિંડી ગણાવી છે. રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદ ટ્રમ્પ ઝડપથી નિર્ણય લેવા જઈ રહ્યા છે.ટ્રમ્પના સહયોગીઓએ કહ્યું કે ટ્રમ્પ અમેરિકાની ઈમિગ્રેશન નીતિઓ બદલવા અને જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે શપથ લીધા પછી તરત જ કેટલાક આદેશો જારી કરવા જઈ રહ્યા છે.ઉલ્લેખનીય છે કે આ સમયે અમેરિકામાં જન્મેલા લોકોને તેમના માતા-પિતા અમેરિકન ન હોવા છતાં પણ અમેરિકન નાગરિકતા મળે છે. ટ્રમ્પે દક્ષિણ મેક્સિકો સરહદ પર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. ત્યાં સશસ્ત્ર દળો મોકલવામાં આવશે. યુ.એસ. શરણાર્થીઓને મેક્સિકોમાં રાહ જોવાની ફરજ પાડતી નીતિ ફરીથી લાગુ કરશે. મૃત્યુ દંડ પુનઃસ્થાપિત કરશે, જે બિડેને સસ્પેન્ડ કરી હતી.શપથગ્રહણના એક દિવસ પહેલા રવિવારે વોશિંગ્ટન ડીસીમાં સમર્થકોથી ભરપૂર કેપિટલ વન એરેના ખાતે યોજાયેલી વિજય રેલી 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'માં બોલતા તેમણે કહ્યું કે ખૂબ જ ટૂંક સમયમાં અમેરિકન ઈતિહાસની સૌથી મોટી દેશનિકાલ અભિયાન શરૂ કરવામાં આવશે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકામાંથી બહાર કાઢવામાં આવશે.''ખૂબ જ ટૂંક સમયમાં અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ પ્રક્રિયા શરૂ કરીશું,'' તેમણે કહ્યું. હું પદ સંભાળ્યાના કલાકોમાં બિડેન વહીવટીતંત્રમાંથી દરેક મૂર્ખતાપૂર્ણ એક્ઝિક્યુટિવ ઓર્ડરને રદ કરીશ.ટ્રમ્પે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા, પશ્ચિમ એશિયામાં સ્થિતિ સુધારવા અને અરાજકતા અને ત્રીજા વિશ્વયુદ્ધને રોકવા માટે પગલાં લેવાનું વચન પણ આપ્યું હતું. ચાઈનીઝ એપ[illegible] અંગે તેમણે કહ્યું કે, આપણે[illegible]ને બચાવવાની જરૂર છે કારણ કે આપણે ઘણી નોકરીઓ બચાવવાની છે. અમે અમારો બિઝનેસ ચીનને આપવા માંગતા નથી. મે[illegible]ને એ શરતે મંજૂરી આપી હતી કે અમેરિકા પાસે[illegible]નો ૫૦ ટકા હિસ્સો હશે.ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધવિરામ કરારને પશ્ચિમ એશિયામાં સ્થાયી શાંતિની દિશામાં 'પ્રથમ પગલું' ગણાવતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે નવેમ્બરમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની ઐતિહાસિક જીતને કારણે જ આ સમજૂતી શક્ય બની છે.રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રાષ્ટ્રપતિ પદ સંભાળ્યાના થોડા કલાકો પહેલા જ ટ્રમ્પને તેમની નવી જવાબદારીઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેણે કહ્યું કે તે યુક્રેન અને પરમાણુ હથિયારોના મુદ્દે અમેરિકાના નવા વહીવટીતંત્ર સાથે વાતચીત માટે તૈયાર છે. પુતિને કહ્યું કે તેઓ ટૂંકા ગાળાના યુદ્ધવિરામને બદલે યુક્રેનમાં લાંબા ગાળાની શાંતિ ઈચ્છે છે. પોપ ફ્રાન્સિસે પણ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા છે.ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યાના કલાકોમાં, તેઓ બિડેન વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા ડઝનેક વિનાશક એક્ઝિક્યુટિવ ઓર્ડરને રદ કરશે. વોશિંગ્ટન ડીસીમાં નેશનલ બિલ્ડીંગ મ્યુઝિયમમાં કેન્ડલલાઈટ ડિનર દરમિયાન લોકોને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે મારી કલમના એક જ સ્ટ્રોકથી હું બિડેન વહીવટીતંત્રના ડઝનબંધ વિનાશક આદેશો અને પગલાંને રદ કરીશ.વચન મુજબ, વ્હાઈટ હાઉસે ટ્રમ્પે શપથ લેતાની સાથે જ પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકાને ખસી જવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાને સમૃદ્ધ બનાવવા માટે અમે અન્ય દેશો પર ટેક્સ અને ડ્યૂટી લગાવીશું. બાહ્ય આવક સેવા વ્યવસ્થા સ્થાપિત કરશે. તમામ ડ્યુટી, ટેક્સ અને રેવન્યુ એકત્રિત કરશે. તેનાથી તિજોરી ભરાશે.મેક્સિકો બોર્ડર પર સૈનિકો, ગેરકાયદે વસાહતીઓ બહાર થશેઃ ટ્રમ્પે મેક્સિકો સાથેની સરહદ પર ઘૂસણખોરી રોકવા માટે સૈનિકો તૈનાત કરવાની જાહેરાત કરી હતી. જણાવ્યું હતું કે, ગેરકાયદેસર વસાહતીઓને તેઓ જ્યાંથી આવ્યા હતા ત્યાંથી પાછા છોડી દેવામાં આવશે. 'મેક્સિકોમાં રહો'ની નીતિનો અમલ કરશે. ઘૂસણખોરી રોકવા માટે સરહદ પર દીવાલ બનાવશે.

# ભ્રામક જાહેરખબરો કર્યાનો આરોપ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ધરપકડ વોરંટ

**તેઓ કોવિડ વેક્સિન અને એલોપેથી વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા હતા અને આયુર્વેદિક દવાઓ વિશે ખોટા દાવા કરી રહ્યા હતા**

કેરળ,તા.૨૧

કેરળની એક કોર્ટે ભ્રામક જાહેરાતના કેસમાં યોગ ગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. મળતી માહિતી પ્રમાણે ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટએ બાબા રામદેવ, બાલકૃષ્ણ અને દિવ્યા ફાર્મસી વિરુદ્ધ વોરંટ જારી કર્યું. પલક્કડના ડ્રગ ઈન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે ડ્રગ્સ અને ચમત્કારિક ઉપચાર એટલે કે વાંધાજનક જાહેરાતો અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૩(D) અને કલમ ૭(A) હેઠળ કેસ દાખલ કર્યો હતો. ૧૬ જાન્યુઆરીના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટે આપેલા આદેશમાં કહ્યું હતું કે, 'ફરિયાદી ગેરહાજર છે. અને તમામ આરોપીઓ ગેરહાજર છે.

બધા આરોપીઓ માટે જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા છે.' પલક્કડ જિલ્લા કોર્ટની વેબસાઈટ પરના કેસ સ્ટેટસ પ્રમાણે હવે આગામી તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ સુનાવણી કરવામાં આવશે. બાબા રામદેવ સામે તેમના વિવિધ ઉત્પાદનોને લઈને કરાતી જાહેરાતો મુદ્દે પહેલી વાર કાર્યવાહી નથી થઈ. આ પહેલા પણ કોરોના મટાડવાનો દાવો કર્યા પછી ડોક્ટરોના સંગઠને તેમનો વિરોધ કર્યો હતો. આ સિવાય તેઓએ એઈડ્સ અને સમલૈંગિકતા મટાડવાના દાવાના કારણે પણ તેમની સામે કાર્યવાહી થઈ ચૂકી છે.

હકીકતમાં IMA એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં કહ્યું હતું કે, તેઓ કોવિડ વેક્સિન અને એલોપેથી વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા હતો અને આયુર્વેદિક દવાઓ વિશે ખોટા દાવા કરી રહ્યો હતા. પતંજલિ પર કાયદાનો તોડવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત પતંજલિની જાહેરાતોનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે તેમને કોર્ટના નિર્દેશોનું પાલન ન કરવા બદલ ઠપકો આપ્યો હતો.

# રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે મહાકુંભમાં સ્નાન કરવા પહોંચ્યા ગૌતમ અદાણી, ISKCON ભંડારામાં સેવા આપી

**અદાણી ગ્રુપ અને ઇસ્કોને પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ભક્તોને ભોજન પીરસવા માટે હાથ મિલાવ્યા છે**

પ્રયાગરાજ,તા.૨૧

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તેમના પત્ની પ્રીતિ અદાણી સાથે મહાકુંભ પહોચ્યાં છે. આ દરમિયાન, તેમણે તેમની પત્ની સાથે મળીને ઈસ્કોન મંદિરના કેમ્પમાં લોકોને ભોજનનું વિતરણ કર્યું. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ અને ઈસ્કોને પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ભક્તોને ભોજન પીરસવા માટે હાથ મિલાવ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધીના મહાકુંભ મેળાના સમગ્ર સમયગાળા દરમિયાન મહાપ્રસાદ સેવા પૂરી પાડવામાં આવી રહી છે.

ગૌતમ અદાણી પણ સંગમમાં ડૂબકી લગાવવા પહોંચ્યા છે. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે ડૂબકી મારતા જોવા મળી રહ્યા છે આ અગાઉ ઈન્ફોસિસ ગ્રુપના સ્થાપક નારાયણ મૂર્તિના પત્ની અને રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે. સુધા મૂર્તિ પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા મહારાજા ટેન્ટમાં રહે છે. અત્યાર સુધીમાં ૮ કરોડ ૩૦ લાખથી વધુ ભક્તો મહાકુંભમાં સ્નાન કરી ચૂક્યા છે.

ગૌતમ અદાણીનો મહાકુંભના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો કાર્યક્રમ હતો. આ પછી તેઓ પૂજા કરશે અને પછી મોટા હનુમાન મંદિરની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ ૫૦ લાખ લોકોને મહાપ્રસાદ ભોજન પૂરું પાડવામાં પણ સામેલ થશે, જે તેઓ પોતાના હાથે વહેંચશે.ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ, ઈસ્કોન અને ગીતા પ્રેસના સહયોગથી, મહાકુંભમાં સતત મફત પ્રસાદ અને ભોજનની વ્યવસ્થા કરી રહ્યું છે, જેનો લાભ લાખો લોકો લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગૌતમ અદાણી આજે પ્રયાગરાજ પહોંચ્યા છે.

૨૧ જાન્યુઆરીએ સમાચાર લખાય છે ત્યાં સુધીમાં, ૨૭.૪૧ લાખથી વધુ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે. ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૮.૮૧ કરોડ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે

# અભિનેતા સૈફ અલી ખાનને લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

મુંબઈ,તા.૨૧

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનને હવે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. છ દિવસ સુધી ડોક્ટરોના નિરીક્ષણ હેઠળ રહ્યા બાદ, સૈફ અલી ખાન ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે. અભિનેતાની તબિયતમાં સુધારો જોઈને ડોક્ટરોએ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દીધી છે. તેમને લેવા માટે કરીના કપૂર ખાન તેના પતિ સૈફને લેવા હોસ્પિટલ પહોંચ્યા છે. અહેવાલો અનુસાર, સૈફ અલી ખાનને બીજા ઘરમાં શિફ્ટ કરાશે અને તેમની સુરક્ષા વધારો કરી દેવામાં આવ્યો છે. સૈફ અલી ખાન પર થયેલાં હુમલાના આરોપી મહોમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ સાથે પોલીસ પૂછપરછ કરી રહી છે. આરોપીને લઈને મુંબઈ પોલીસ સૈફ અલી ખાનના ઘરે પહોંચી હતી. જ્યાં હુમલાના દિવસે બનેલી ઘટનાને રિક્રિએટ કરવામાં આવી હતી. આ દરમિયાન મુંબઈ પોલીસને ઘટનાસ્થળેથી શરીફુલના ૧૯ ફિંગરપ્રિન્ટ મળ્યા છે. પોલીસને ફિંગરપ્રિન્ટના પુરાવા સૈફના ઘરના બાથરૂમની બારી, ડક્ટ એરિયા, સીડી, અગાસી અને બાથરૂમ સિવાય એ સીડીમાંથી મળ્યાં, જેનો ઉપયોગ શરીફુલે સૈફના ઘરમાં ઘૂસવા અને બહાર નીકળવા કર્યો હતો. પોલીસે આ ૧૯ ફિંગરપ્રિન્ટને આ મામલે મુખ્ય પુરાવો માનીને આગળની તપાસ હાથ ધરી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા નવો વિવાદ ટીમ ઇન્ડિયાની જર્સીથી પાકિસ્તાનનું નામ ગાયબ

**હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં**

નવીદિલ્હી,તા.૨૧

આગામી સમયમાં પાકિસ્તાનના ત્રણ શહેરો રાવલપિંડી, કરાચી, લાહોર અને આ સિવાય દુબઈમાં 'હાઈબ્રિડ મોડેલ' હેઠળ ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેચો રમાશે. આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ભારત ચેમ્પિયન્સમાં પોતાની બધી મેચ દુબઈમાં રમશે. જો કે, પાકિસ્તાન આ ટુર્નામેન્ટનું સત્તાવાર યજમાની કરી રહ્યું છે. પરંતુ આ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે. હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં. જેને લઈને ભારતે કથિત રીતે ભારતીય ટીમની જર્સી પર છપાયેલા પાકિસ્તાન (યજમાન દેશનું નામ) શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે PCBના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'BCCI ભારતીય ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છાપવાને લઈને ક્રિકેટમાં રાજનીતિ કરી રહી છે'. અગાઉ ભારતીય બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેપ્ટનોની બેઠક માટે કેપ્ટન રોહિત શર્માને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. આ સિવાય અગાઉ BCCIએ ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો.

ત્યારબાદ PCB અને ICCએ હાઈબ્રિડ મોડેલ હેઠળ ટુર્નામેન્ટ યોજવા સંમત થયા હતા. PCBના ઘણાં આગ્રહ છતાં BCCI એ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરવાના પોતાના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી. આખરે પાકિસ્તાન બોર્ડે ભારતની શરતો સ્વીકારવી પડી હતી. જો કે નવા કરાર હેઠળ PCB ભવિષ્યમાં ICC ઈવેન્ટ્સ માટે પાકિસ્તાની ટીમને ભારત મોકલશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં હવે લગભગ એક મહિનો બાકી છે અને હવે ફરી એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે.

પાકિસ્તાને હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમની જાહેરાત કરી નથી. જયારે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ ખેલાડીઓની ભારતીય ટીમઃ રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વોશિંગ્ટન સુંદર.

### દિલ્હીમાં ભાજપના ચૂંટણી વચન

# કે.જી.થી પી.જી. સુધી મફત શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ૧૫ હજાર

**આ ચૂંટણી ઢંઢેરાના ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી છે**

નવીદિલ્હી,તા.૨૧

ભાજપે દિલ્હી ચૂંટણી માટે સંકલ્પ પત્ર ૨ જાહેર કર્યો છે. આ ચૂંટણી ઢંઢેરાના ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી છે. ભાજપે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કે.જી.થી પી.જી. સુધીનું શિક્ષણ મફત આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનોને ૧૫,૦૦૦ની આર્થિક સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બે ગણી મુસાફરી અને અરજી ફી આપવામાં આવશે. સંકલ્પ પત્ર-૨માં ભાજપના વાયદા - અમે દિલ્હીના યુવાનોને રાજ્યની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે રૂ. ૧૫ હજારની આર્થિક સહાય આપીશું જેથી કરીને અમારા યુવાનો ઉત્તમ પરિણામ આપી શકે.

અમે દિલ્હીમાં ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ સ્કીમ લાવશું. આ શિષ્યવૃત્તિ યોજના ભીમરાવ આંબેડકરના નામે શરૂ કરાશે. આ અંતર્ગત, અમે ITI અને સ્કિલ સેન્ટર પોલિટેકનિક વગેરેમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપીશું.

- અમે ઓટો અને ટેક્સી ડ્રાઈવરો માટે ઓટો-ટેક્સી કલ્યાણ બોર્ડની રચના કરીશું. જે અંતર્ગત રૂ. ૧૦ લાખ સુધીનો જીવન આધાર વીમો અને રૂ. ૫ લાખ સુધીનો અકસ્માત વીમો આપશે.
- ઉચ્ચ શિક્ષણ મેળવનારા ટેક્સી ડ્રાઈવરો અને ઓટો ડ્રાઈવરોના બાળકોને પણ સ્કોલરશિપ આપવામાં આવશે.
- દિલ્હીમાં ભાજપની સરકાર આવ્યા બાદ ૪ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને PM સ્વાનિધિ યોજનાનો લાભ મળશે
- દિલ્હીમાં પણ રિસ્કિલિંગ અને અપસ્કિલિંગને પ્રોત્સાહન આપવાનું કામ ભાજપ સરકાર કરશે.

સંકલ્પ પત્ર-૧માં કરવામાં આવ્યા હતા આ વાયદા - ભાજપે દિલ્હીમાં મહિલાઓ માટે 'મહિલા સમૃદ્ધિ યોજના' હેઠળ ૨,૫૦૦ રૂપિયાની માસિક સહાયની જાહેરાત કરી છે.

- ભાજપ દિલ્હીના ગરીબ વર્ગની મહિલાઓને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર આપશે. તેમજ હોળી અને દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવામાં આવશે.
- જો ભાજપ સત્તામાં આવશે તો પહેલી કેબિનેટ બેઠકમાં દિલ્હીમાં 'આયુષ્માન ભારત' લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર ૫ લાખ રૂપિયાનું વધારાનું હેલ્થ કવર પણ આપશે. તેમજ રાજ્ય સરકાર વધારાના રૂ. ૫ લાખનું હેલ્થ કવર આપશે.

છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૧૪ નક્સલ ઠાર, તેના માથે એક કરોડનું ઈનામ હતું

- વરિષ્ઠ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધી મફત સારવાર આપવામાં આવશે, તેમજ મફત OPD તબીબી અને નિદાન સેવાઓ પણ આપવામાં આવશે.
- વરિષ્ઠ નાગરિકોનું પેન્શન દર મહિને રૂ. ૨૦૦૦થી વધારીને રૂ. ૨૫૦૦ અને ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ, નિરાધાર અને ત્યજી દેવાયેલી સ્ત્રીઓનું પેન્શન રૂ. ૨૫૦૦થી વધારીને રૂ. ૩૦૦૦ પ્રતિ માસ કરવામાં આવશે.
- જે. જે. ક્લસ્ટરોમાં અટલ કેન્ટીનની સ્થાપના કરીને, માત્ર રૂ. ૫માં પૌષ્ટિક ખોરાકની સુવિધા આપવામાં આવશે.
- જો દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો વર્તમાન કલ્યાણકારી યોજનાઓ ચાલુ રહેશે, આ યોજનાઓને વધુ અસરકારક અને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવામાં આવશે.

### હાલમાં ૨૪ મોબાઇલ મેડિકલ વાન કાર્યરત જ્યારે વધુ નવી ૬ વાન શરૂ કરાશે

# રાજ્યમાં ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓએ મોબાઇલ મેડિકલ વાન યોજનાનો લાભ લીધો

**શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે મળી રહી છે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર**

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં "મોબાઈલ મેડિકલ વાન" યોજના થકી માસિક સરેરાશ ૨૦૦૦થી વધુ પ્રતિવાન શ્રમયોગીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ આ યોજનાનો લાભ લીધો છે. કોરોના મહામારી દરમિયાન મોબાઈલ મેડિકલ વાન દ્વારા રાજ્યના તમામ નાગરિકોના હિતાર્થે જરૂરી ટેસ્ટ તેમજ દવાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, તેમ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.

મંત્રી રાજપુતે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગી પરિવારોની તબીબી સુરક્ષા માટે ગુજરાત સરકારે "મોબાઈલ મેડિકલ વાન" યોજના શરૂ કરી શ્રમિકોના સ્વાસ્થ્ય માટે નવી કેડી કંડારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હાલમાં કાર્યરત ૨૪ મોબાઈલ મેડિકલ વાન દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર આપવામાં આવી રહી છે. જેમાં બ્લડ ટેસ્ટ, પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબીન, લેબોરેટરી તપાસ, ડાયાબીટીસ, બ્લડ કાઉન્ટ જેવી વિવિધ તપાસ-સારવારનો સમાવેશ કરાયો છે. જેમાં તપાસ દરમિયાન વધુ સારવાર લેવાની થાય તો શ્રમયોગી નજીકની સરકારી હોસ્પિટલમાં જઈને સારવાર મેળવી શકે છે.

મંત્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, ગુજરાતના દરેક સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને આરોગ્યનું કવચ પૂરું પાડવું એ રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી રાજ્યના વધુમાં વધુ શ્રમયોગીઓને "મોબાઈલ મેડિકલ વાન" યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં જરૂરિયાત અનુસાર વધુ મોબાઈલ મેડિકલ વાન શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રમયોગી પરિવારોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ, સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે.

આ મોબાઈલ મેડિકલ વાન હાલમાં અમદાવાદ, મહેસાણા, સુરત, હિંમતનગર, ગાંધીનગર, જૂનાગઢ, વાપી, વડોદરા, આણંદ-ખેડા, ગાંધીધામ, ભાવનગર, મોરબી, વલસાડ, વાપી, નવસારી તથા રાજકોટ તેમજ આજુબાજુની જીઆઈડીસીમાં કાર્યરત છે. આ યોજનાની સફળતા જોતા હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન ઉપરાંત વધુ ૬ મેડિકલ વાન થકી વધુમાં વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને યોજનાનો લાભ આપવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારી માટે અનેક શ્રમયોગી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. શહેરોમાં વસતા ગીચ વસવાટના કારણે આ શ્રમયોગીઓને કેટલીક વખત આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓનો અભાવ રહે છે, જેના કારણે તેઓ અનેક રોગોના ભોગ બનતા હોય છે. જે અંતર્ગત શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે એવા શુભ આશય સાથે ગુજરાતમાં વર્ષ ૨૦૧૫-૧૬માં "મોબાઈલ મેડિકલ વાન યોજના" શરૂ કરવામાં આવી હતી.

### રાહુલ ગાંધી વિરુદ્ધ એક વિચિત્ર કેસ નોંધવામાં આવ્યો

# બિહારના વ્યકિતએ રાહુલ ગાંધીની ટીપ્પણી બદલ રૂ. ૨૫૦ નુકસાન થતા કેસ કર્યો

**રાહુલ ગાંધીનું નિવેદન સાંભળીને તે ચોંકી ગયો હતો અને તેના હાથમાં રહેલી ડોલમાંથી ૫ લિટર દૂધ પડી ગયું હતું. તેને ૨૫૦ રૂપિયાનું નુકસાન થયું હતું**

બિહાર,તા.૨૧

બિહારમાં એક વ્યક્તિએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો કે તેણે દૂધ ભરેલી ડોલ પડી ગઈ હતી જેના કારણે તેને ૨૫૦ રૂપિયાનું નુકસાન થયું હતું. પીડિત ફરિયાદી મુકેશ કુમાર ચૌધરીએ દાવો કર્યો હતો કે રાહુલની ટિપ્પણી સાંભળીને તેને આંચકો લાગ્યો હતો. કે "ભાજપ અને આરએસએસે દરેક સંસ્થા પર કબજો કરી લીધો છે, અને હવે અમે ભાજપ, આરએસએસ અને ખુદ ભારતીય રાજ્ય સામે લડી રહ્યા છીએ." ચૌધરીએ કહ્યું, "હું એવી આઘાતની સ્થિતિમાં હતો કે મારી પાંચ લિટર દૂધથી ભરેલી ડોલ, જેની કિંમત ૫૦ રૂપિયા પ્રતિ લિટર છે, મારા હાથમાંથી સરકી ગઈ. રાહુલ ગાંધી રાષ્ટ્રની સાર્વભૌમત્વને ધમકી આપી રહ્યા હતા,"

સમસ્તીપુરના રહેવાસીએ તેમની અરજીમાં કોંગ્રેસ નેતા પર રાજદ્રોહ સંબંધિત ૧૫૨ સહિત વિવિધ BNS કલમો હેઠળ ટ્રાયલની માંગ કરી હતી. આ નિવેદન માટે ગુવાહાટીના પાન બજાર પોલીસ સ્ટેશનમાં લોકસભામાં વિપક્ષના નેતા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યાના દિવસો બાદ આ વાત આવી છે. નવી દિલ્હીના કોટલા રોડ ખાતે પાર્ટીના નવા હેડક્વાર્ટરના ઉદ્‌ઘાટન દરમિયાન કોંગ્રેસના નેતાઓને સંબોધતા રાહુલે કહ્યું, "એવું ન વિચારો કે અમે ન્યાયી લડાઈ લડી રહ્યા છીએ. આમાં કોઈ ઔચિત્ય નથી. જો તમે માનતા હોવ કે અમે ભાજપ અથવા આરએસએસ નામના રાજકીય સંગઠન સામે લડી રહ્યા છીએ, તો તમે સમજી શક્યા નથી કે શું ચાલી રહ્યું છે. બીજેપી અને આરએસએસે આપણા દેશની દરેક સંસ્થા પર કબજો જમાવ્યો છે. અમે હવે ભાજપ, આરએસએસ અને ખુદ ભારતીય રાજ્ય સામે લડી રહ્યા છીએ.

### પક્ષમાંથી હાંકી કઢાયેલાઓમાં યુવા પાંખના ઉપપ્રમુખો, મહામંત્રીઓનો સમાવેશ

# RSS વિરુદ્ધની રેલીમાં ગેરહાજર કોંગ્રેસના ૬૦ નેતાઓની હકાલપટ્ટી

**આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા નાગપુર સ્થિત RSS મુખ્યાલય સુધી એક કૂચ કાઢવામાં આવી હતી**

નાગપુર, તા.૨૧

રામ મંદિરનું નિર્માણ એ વાસ્તવિક સ્વતંત્રતા છે, RSS વડા મોહન ભાગવતના આ નિવેદનને લઈને કોંગ્રેસે તાજેતરમાં વિરોધ કર્યો હતો. આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા નાગપુર સ્થિત RSS મુખ્યાલય સુધી એક કૂચ કાઢવામાં આવી હતી, પરંતુ પક્ષના ઘણા કાર્યકરોએ આ કાર્યક્રમમાં ભાગ લેવાથી દૂર રહ્યા હતા. હવે કોંગ્રેસે આ લોકો સામે કાર્યવાહી કરી છે અને કુલ 60 કાર્યકરોને તેમના પદ પરથી હટાવી દીધાં છે. કોંગ્રેસે જે નેતાઓ સામે કાર્યવાહી કરી છે તે યુવા પાંખના સભ્યો કે પદાધિકારીઓ છે.

કોંગ્રેસ દ્વારા દૂર કરાયેલા પદાધિકારીઓમાં કેટલાક ઉપપ્રમુખો, 8 મહામંત્રીઓ, 20 સચિવો અને કેટલાક જિલ્લા પ્રમુખોનો સમાવેશ થાય છે. જણાવી દઈએ કે રાષ્ટ્રીય યુવા કોંગ્રેસે ૧૯ જાન્યુઆરીના રોજ એક કૂચનું આયોજન કર્યું હતું, જેનું નેતૃત્વ રાષ્ટ્રીય વડા ઉદય ભાનુએ કર્યું હતું. કોંગ્રેસ દ્વારા જે યુવા નેતાઓને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે તેમાં શિવાની વડેટ્ટીવારનો સમાવેશ થાય છે. તે કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારની પુત્રી છે. આ ઉપરાંત નાગપુર પશ્ચિમના ધારાસભ્ય વિકાસ ઠાકરેના પુત્ર કેતન ઠાકરેને પણ હટાવી દેવામાં આવ્યા છે. અનુરાગ ભોયર અને મિથિલેશ કાન્હેરેને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આ બધા નેતાઓ મહારાષ્ટ્ર યુથ કોંગ્રેસના સચિવ હતા. રાજ્ય યુવા કોંગ્રેસના પ્રમુખ તનવીર અહેમદ વિદ્રોહીને પણ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. નેતાઓએ કોંગ્રેસના આંદોલનમાં ભાગ કેમ ન લીધો તે અંગે અનેક સવાલ ઉપસ્થિત થયાં હતાં. છેવટે, હાઈકમાન્ડની મંજૂરી બાદ, 60 નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

### GPSCની તૈયારી કરનારાઓ માટે મોટા સમાચાર

# છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ જીપીએસસી પરીક્ષા માટે અરજી કરી શકશે

**હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી છે**

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન હસમુખ પટેલે આજે ઉમેદવારો માટે મહત્વની જાહેરાતો કરી છે. GPSC ની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે કોલેજ કે સમકક્ષ સંસ્થાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. બોર્ડની મિટિંગમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો તેમજ પરીક્ષકોને સરળતા રહે તે માટે મહત્ત્વના ત્રણ નિર્ણય લીધા આ નિર્ણયો વિશે ખુદ આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરી માહિતી આપી છે. પ્રથમ નિર્ણય એ છે કે અનુભવ જરી ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓ અરજી કરી શકશે. છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પણ અરજી કરી શકે તેવી ગઈકાલની રજૂઆતને પગલે અનુભવ સિવાયની તમામ ભરતીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારો અરજી કરી શકે તથા કેટેગરીનું પ્રમાણપત્ર ન હોય તેવા લોકો પણ કેટેગરી માં અરજી કરી શકે તેવો નિર્ણય આજે આયોગ લીધેલ GPSC ના ચેરમેન હસમુખ પટેલે મીડિયા સંબોધનમાં મહત્વની જાહેરાત કરતા કહ્યું કે, અનુભવની જરૂર ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. લેક્ચરર ફિઝીયોથેરાપીની ચાલુ ભરતીમાં રજૂઆત બાદ નિર્ણય લેવાયો છે. છેલ્લા વર્ષની વિદ્યાર્થીનીઓએ રજૂઆત કરી હતી કે તેમને તક આપવામાં આવે. ફિઝીયોથેરાપીની અંતિમ વર્ષની વિદ્યાર્થીનીઓને પણ તક આપવાનો નિર્ણય લેવાયો છે. આયોગની ભરતીમાં અનુભવની જરૂર ન હોય તો કોલેજમાં અંતિમ પરિક્ષામાં અભ્યાસ કરતા ઉમેદવારોને પરીક્ષા આપવાની તક મળશે. આ સાથે જ તજજ્ઞોની ફી બમણી કરવાનો નિર્ણય પણ લેવાયો છે. GPSC માં પેપર સેટ કરતા તજજ્ઞોની ફી બમણી કરવામાં આવશે. પરીક્ષાની દ્રષ્ટીએ ઉમેદવારોના ફાયદાની સાથે પરીક્ષકના મહેનતાણામાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં તેમણે આયોગમાં પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો ભૂખ્યા ન રહે તે બાબતનું ધ્યાન રાખીને મહત્વની જાહેરાત કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આસિસ્ટન્ટ મેનેજર અનિલ અને નાગરિક પુરવઠાની ભરતી પરીક્ષામાં આન્સર કીમાં ભૂલો જણાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતી સંદર્ભે ઓબ્જેક્શન સિસ્ટમ હાલ હોલ્ડ પર મૂકાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતીની પરીક્ષામાં ઓબ્જેક્શન સિસ્ટમ હાલ લાગુ કરવામાં નહીં આવે. તજજ્ઞો પર આધાર રાખવાના કારણે આ ભૂલ થઈ છે. તજજ્ઞનો ઉપયોગ કરવાની નથી તેવો નિર્ણય કર્યો છે. નવી આન્સર કી મુકવાનો નિર્ણય કર્યો છે, અને આ માટે તજજ્ઞને સમય આપ્યો છે. ખરાઈ કરીને ઝડપથી નવી આન્સર કી મુકવામાં આવશે. ઓબ્જેક્શન માટે ફી બાબતે નો નિર્ણય યથાવત રહેશે. ઓબ્જેક્શન માટે ફી લેવામાં આવશે તેના પર અમે નિર્ણય યથાવત રાખ્યો છે. લાયકાતવાળા વિદ્યાર્થીઓને નુકશાન ન જાય તે માટે નિર્ણય કર્યો છે.

### ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો

# ટ્રમ્પે શપથ લેતા જ શેરબજારમાં કડાકો, ૧૨૩૫ અંક ગબડ્યો સેન્સેક્સ

**નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૨૦.૧૦ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૨૩,૦૨૪.૬૫ના સ્તરે બંધ થયો હતો**

નવી દિલ્હી,તા.૨૧

અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ બાદ મંગળવારે (૨૧ જાન્યુઆરી) ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જે ૩૦ શેરો પર આધારિત છે, ઘટાડા સાથે ૭૫,૮૩૮.૩૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૨૦.૧૦ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૨૩,૦૨૪.૬૫ના સ્તરે બંધ થયો હતો. એપોલો હોસ્પિટલ્સ, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર, જેએસડબ્લ્યુ સ્ટીલ અને શ્રીરામ ફાઈનાન્સ મંગળવારના વેપારમાં નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. જ્યારે ટ્રેન્ટ, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, આઈસીઆઈસીઆઈ બેંક અને એસબીઆઈ ટોપ લુઝર હતા. ૧. BRICS દેશો પર ટેરિફ લાદવાની ધમકી બ્રિક્સ દેશો અંગે ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી બજારમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિક્સ દેશોમાં ભારતની સાથે બ્રાઝિલ, ચીન, રશિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ એવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માગે છે જે આંતરરાષ્ટ્રીય વેપારમાં યુએસ ડૉલર પર તેમની નિર્ભરતા ઓછી કરી રહ્યા છે. ૨. નબળા ત્રિમાસિક પરિણામો ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં કંપનીઓના મિશ્ર ત્રિમાસિક પરિણામોએ બજારની ચિંતામાં વધુ વધારો કર્યો છે. ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં આજે ૧૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે. ઝોમેટોના શેરમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે.

૩. જાપાનમાં વ્યાજ દરો વધવાની અપેક્ષા છે બેંક ઓફ જાપાન (BOJ) દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની શક્યતાને કારણે મંગળવારે વૈશ્વિક બજારોમાં બેચેની જોવા મળી હતી. જો આ વધારો થશે તો તે ગયા વર્ષના જુલાઈ પછીનો પ્રથમ વધારો હશે.

૪. FII દ્વારા સતત વેચાણ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ભારતીય બજારમાંથી નાણાં ઉપાડવા જરૂરી બનાવી દીધા છે. ૨૦ જાન્યુઆરીએ, તેણે નેટ પર લગભગ રૂ. ૪,૩૩૬.૫૪ કરોડના શેર વેચ્યા. જાન્યુઆરી મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ લગભગ રૂ. ૫૦,૯૧૨.૬૦ કરોડનું વેચાણ કર્યું છે. ૫. બજેટ અંગે અનિશ્ચિતતા આગામી બજેટ ૨૦૨૫ના કારણે અનિશ્ચિતતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને રોકાણકારો બજેટની ઘોષણાઓ પહેલા 'જોવો અને રાહ જુઓ'ના મૂડમાં જોવા મળી રહ્યા છે. મનીકંટ્રોલ સાથે વાત કરતા, મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના વાઈસ પ્રેસિડેન્ટ ચિત જૈને જણાવ્યું હતું કે, "ભારત VIX ઈન્ડેક્સ આજે ૫ ટકાથી વધુ ઉછળ્યો છે, જે કેન્દ્રીય બજેટ પહેલા બજારમાં વધતી અનિશ્ચિતતાને દર્શાવે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ ભારતીય બજારમાં વેચાણકર્તા રહે છે. બજારમાં જોવા મળેલા ઘટાડાનું આ મુખ્ય કારણ છે."

### અમેરિકામાં આજથી સુવર્ણયુગ : ટ્રમ્પ

# વિશ્વની સૌથી મોટી મહાસત્તાના ૪૭મા પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે શપથ ગ્રહણ કર્યા

**અમેરિકાના વિદાય લેનારા પ્રેસિડેન્ટ જો બાઇડેને એંથની ફોસી, માર્ક મિલી અને લિઝ ચેની સહિત જે૬ સમિતિના સભ્યો તેમજ સાક્ષીઓને માફી આપી હતી**

વોશિંગ્ટન, તા.૨૧

ડોનાલ્ડ જે. ટ્રમ્પે સોમવારે વિશ્વની મહાસત્તા અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકેના શપથ ગ્રહણ કરી અમેરિકાના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર કમબેક કર્યું હતું. અમેરિકાની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ જોન રોબર્ટ્સે કેપિટલ રોટુંડા ખાતે યોજાયેલાં સમારંભમાં ૭૮ વર્ષીય ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના શપથ લેવાડાવ્યાં હતાં. ટ્રમ્પની પહેલાં જેડી વેન્સે ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લીધાં હતાં.ચાર વર્ષના અંતરાલ, સંખ્યાબંધ કોર્ટ કેસ અને બે વખત જીવલેણ હુમલામાંથી આબાદ બચ્યાં બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત ચૂંટાઈ આવેલા ટ્રમ્પે શપથ બાદ જણાવ્યું હતું કે, આજથી અમેરિકાના સુવર્ણ યુગનો પ્રારંભ થયો છે. આજથી આપણો દેશ સમૃદ્ધ બનશે અને વિશ્વભરમાં ફરીથી સન્માન પામશે. દરેક દેશ આપણી ઈર્ષા કરશે અને હવે કોઈ આપણો ગેરલાભ નહીં ઉઠાવી શકે.શપથ સમારંભમાં ટ્રમ્પના પત્ની મેલેનિયા, પુત્રી ઈવાન્કા, ઈવાન્કાના પતિ જેરેડ કુશ્નર ઉપરાંત ટ્રમ્પના પૂરોગામી જો બાઈડેન, વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ, પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, હિલેરી ક્લિન્ટન, અબજોપતિ ઉદ્યોગપતિ એલન મસ્ક, જેફ બેઝોસ, ટીમ કૂક તથા ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પીચાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. શપથ ગ્રહણ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશેષ દૂત તરીકે કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યાં હતાં. અમેરિકાના પ્રમુખ બનવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યાં હતાં. એક્સ પર એક પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, મારા પ્રિય મિત્ર પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાના ૪૭મા પ્રમુખ બનવા બદલ હાર્દિક અભિનંદન. બંને દેશ અને વિશ્વના બહેતર ભવિષ્ય માટે હું પુનઃ આપની સાથે મળીને કામ કરવા આતુર છું. નવા સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ.શપથ બાદ સમારંભમાં ઉપસ્થિત લોકોને સંબોધતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકાના સુવર્ણ યુગની શરૂઆત થઈ ચૂકી છે. અમેરિકા ફરીથી મહાન બનશે. અમેરિકામાં હવે ઝડપથી પરિવર્તન આવશે. હું દરરોજ અમેરિકા ફર્સ્ટની નીતિને કેન્દ્રમાં રાખીને કામ કરીશ. તેમણે જણાવ્યું હતું કે, ટ્રમ્પ પ્રશાસન દેશમાં અખંડતા, વફાદારી અને ક્ષમતા પુનઃસ્થાપિત કરશે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી રોકવા માટે આકરાં પગલાં લેવાની પણ તેમણે જાહેરાત કરી હતી. ન્યાયતંત્રમાં સુધારાનો નિર્ધાર વ્યક્ત કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમની સરકાર ન્યાયને પુનઃસંતુલિત બનાવી, સરકાર અને ન્યાયતંત્રને દ્વેષપૂર્ણ હથિયાર બનતાં અટકાવશે. દેશમાં ઉર્જાના ભાવ ઘટાડવા માટે ટ્રમ્પ નેશનલ એનર્જી ઈમરજન્સી જાહેર કરશે.ટ્રમ્પે ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલી ગલ્ફ ઓફ અમેરિકા કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે પનામા દેશ પાસેથી પનામા કેનલ પાછી લઈ લેવાની જાહેરાત પણ કરી હતી. દેશમાં વાણી સ્વાતંર્ત્ય પાછું લાવવા અને સેન્શરશિપ દૂર કરવાનો પણ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અપરાધી ગેંગોને વિદેશી આતંકી સંગઠન તરીકે જાહેર કરાશે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે તેઓ સરહદ પર નેશનલ ઈમર્જન્સી જાહેર કરશે અને તમામ ગેરકાયદેસર એન્ટ્રી તત્કાળ અટકાવી દેશે. અમેરિકામાં જે લોકો ગેરકાયદેસરરીતે આવ્યા છે તેમને પાછા મોકલવાની પ્રક્રિયા શરૂ કરાશે.અમેરિકાના વિદાય લેનારા પ્રેસિડેન્ટ જો બાઈડેને એંથની ફોસી, માર્ક મિલી અને લિઝ ચેની સહિત જે૬ સમિતિના સભ્યો તેમજ સાક્ષીઓને માફી આપી હતી. આ તમામ લોકો ટ્રમ્પના સંભવિત ટાર્ગેટ બનવાની આશંકા સેવાતી હતી.

# ખેડા અમદાવાદ હાઈવે પર એક કરોડની લૂંટ, વડાલા-પાટિયા નજીકના બ્રિજ પરની ઘટના

અમદાવાદ ,તા.૨૧

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી ચોરી અને લૂંટની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે ખેડા અમદાવાદ હાઈવે પર વડાલા પાટીયા નજીક બ્રિજ પર ૧ કરોડ રૂપિયાની લૂંટ થઈ છે. કારમાં આવેલા ચાર શખસોએ અનાજના વેપારીને કરોડ રૂપિયાની રકમ લૂંટીને લૂંટારુંઓ ફરાર થઈ જતાં પોલીસ તપાસમાં જોતરાઈ છે.મળતી માહિતી અનુસાર, ખેડાના વડાલા નજીકના બ્રિજ પર આજે (૨૧મી જાન્યુઆરી) કારમાં આવેલા શખસોએ ફિલ્મી ઢબે લૂંટ ચલાવી હતી. લૂંટારાઓએ અનાજના વેપારી પાસેથી ૧ કરોડ રૂપિયા જેટલી રકમ લૂંટી ફરાર થઈ ગયા છે. આ વેપારી નડીયાદ બેંકમાંથી રૂપિયા ઉપાડીને રીક્ષામાં અમદાવાદ જઈ રહ્યા હતા. આ દરમિયાન લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ઈકો કારમાં આવેલા ચાર શખસો લૂંટ ચલાવી હતી.

### CM આતિશીએ નોંધાવી ફરિયાદ

# રમેશ બિધૂડીના ભત્રીજાએ 'AAP'ના કાર્યકરો સાથે મારપીટ કરી

**આમ આદમી પાર્ટીના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા, મારપીટ કરવા અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે**

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આક્રમક અને વિવાદાસ્પદ ટીપ્પણીઓ કરનારા રમેશ બિધૂડીના ભત્રીજાએ આમ આદમી પાર્ટીના કાર્યકરો સાથે મારપીટ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ ઉમેદવાર રમેશ બિધૂડીના ભત્રીજા પર આમ આદમી પાર્ટીના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા, મારપીટ કરવા અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે.

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ ઉમેદવાર રમેશ બિધૂડીના ભત્રીજા રિષભ બિધૂડી પર કાલકાજી મત વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા, મારપીટ કરવા અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે. આતિશીએ ચૂંટણી પંચ સમક્ષ આ મુદ્દે ફરિયાદ કરી છે. તેમણે પંચને કાલકાજીમાં પેરા મિલિટ્રી ફોર્સ તૈનાત કરવાની માગ કરી છે. ચૂંટણી પંચના એક અધિકારીને પત્ર લખી આતિશીએ જણાવ્યું છે કે, કાલકાજી મત વિસ્તારમાં બિધૂડીના ભત્રીજાની ગુંડાગર્દી વધી છે. તે ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ભાજપ નેતના ભત્રીજાએ આપના કાર્યકરોને ધમકી આપી છે કે, ઘરમાં બેસો, નહીં તો હાથ-પગ તોડી નાખીશું, આ અમારી ચૂંટણી છે. મુખ્યમંત્રી આતિશીએ ચૂંટણી પંચ સમક્ષ મતદાતાઓ અને પાર્ટીના કાર્યકરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા કાલકાજીમાં પેરા મિલિટ્રી ફોર્સ તૈનાત કરવાની માગ કરવામાં આવી છે. આતિશીના આ આરોપો પર રમેશ બિધૂડી તથા ભાજપ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. દિલ્હીના કાલકાજી વિધાનસભા બેઠકમાંથી ભાજપના રમેશ બિધૂડી ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીમાંથી આ બેઠક પરથી મુખ્યમંત્રી આતિશીએ ઉમેદવારી નોંધાવી છે. કોંગ્રેસ બેઠક પર અલકા લાંબાને ચૂંટણી મેદાનમાં ઉતારી છે. દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠક પર આગામી પાંચ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાશે. આઠ ફેબ્રુઆરીએ પરિણામો જાહેર થશે. ૨૦૨૦માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં 'આપ' ૭૦માંથી ૬૨ બેઠકો પર વિજયી થઈ હતી. જ્યારે ભાજપને માત્ર આઠ બેઠકો મળી હતી. ૨૦૧૫માં પણ ૬૭ બેઠકો સાથે આમ આદમી પાર્ટી જીતી હતી. ત્યારે ભાજપને ત્રણ બેઠકો મળી હતી. કોંગ્રેસ છેલ્લી બે ચૂંટણીમાં ખાતુ ખોલાવી શકી ન હતી. ભાજપના દિગ્ગજ નેતા રમેશ બિધૂડી પોતાના આક્રમક નિવેદનોના કારણે અવારનવાર વિવાદોમાં રહે છે. હાલમાં જ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી અને મુખ્યમંત્રી આતિશી વિરૂદ્ધ અપમાનજનક ટીપ્પણીઓ કરતાં વિવાદોમાં મૂકાયા હતા. ચૂંટણી પંચે પણ બિધૂડી વિરૂદ્ધ વિરોધ નોંધાવી દિલ્હીની જનતાને તેનો જવાબ આપવા અપીલ કરી હતી

# બાબરામાં ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા મામલતદાર કચેરીનું ભૂમિ પૂજન કરાયું




બાબરામાં અધ્યન સુવિધાઓ સાથે મામલતદાર કચેરીનું નિર્માણ થશે જેનું ખાત મૂહુર્ત લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા કરવામાં આવ્યું હતું કરોડોના ખર્ચે અને સુવિધા સભર કચેરીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, પ્રભાતભાઈ કોઠીવાલ, હિંમતભાઈ દેત્રોજા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, વકીલમંડળના પ્રમુખ વશરામભાઈ સુસરા, ઉપ પ્રમુખ પ્રતાપભાઈ ખાચર, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ બટુક ભાઈ બૂટાણી, મહેશભાઈ ભાયાણી, અશોકભાઈ રાખોળિયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેસભાઈ કલકાણી, લલિતભાઈ આંબલિયા, અજિતભાઈ ખોખરીયા, મધુભાઈ ગેલાણી સહિતના અધિકારી તેમજ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી અને નાયબ મામલતદાર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## ચૂંટણીની જાહેરાત કરવામાં આવી

હવે, ૧૬ ફેબ્રુરીએ મતદાન કરવામાં આવશે, અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ મતગણતરી થશે. આ ચુંટણીમાં ૨૭% BC અનામતનો અમલ કરવામાં આવશે. આ ચૂંટણી ૧ મનપા, ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતો માટે યોજાશે, જેમાં કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન થશે. અમદાવાદની બાવળા, સાણંદ, ધંધુકા પાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થશે. ઉપરાંત ગાંધીનગરની માણસા, ખેડાની મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા, આણંદની આંકલાવ, બોરિયાવી, ઓડ, મહિસાગરની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર, સાબરકાંઠાની ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, પાટણની હારીજ, ચાણસ્મા, રાધનપુર, મહેસાણાની ખેરાલુ, વડનગર, બનાસકાંઠાની ધાનેરા, વડોદરાની કરજણ, છોટાઉદેપુર, દાહોદની ઝાલોદ અને દેવગઢ બારિયા, પંચમહાલની કાલોલ, હાલોલ, નવસારીની બિલીમોરા, વલસાડ, પારડી, ધરમપુર, જામનગરની જામજોધપુર, ધ્રોલ, કાલાવડ, દ્વારકાની સલાયા, દ્વારકા, ભાણવડ પાલિકાની યોજાશે.

ઉપરાંત જૂનાગઢની બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી પાલિકાની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાશે. જૂનાગઢની માંગરોળ, ચોરવાડ, ગીર સોમનાથના કોડીનાર, કચ્છની રાપર, ભચાઉ પાલિકાની ચૂંટણીની તારીખ આજે જાહેર થશે. અમરેલીની લાઠી, ચલાલા, જાફરાબાદ, રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર થશે. ભાવનગરની સિહોર, ગારિયાધાર, તળાજા પાલિકાની ચૂંટણી યોજાશે. તદપરાંત રાજકોટની જસદણ, ભાયાવદર, જેતપુર, ઉપલેટા, ધોરાજી પાલિકાની પણ ચૂંટણી યોજાશે. મોરબીની હળવદ પાલિકાની પણ ચૂંટણી યોજાશે, પોરબંદરની કુતિયાણા, રાણાવાવ પાલિકા ઉપરાંત બોટાદ, મોરબીની વાંકાનેર પાલિકાની પેટાચૂંટણી યોજાશે, કુલ ૬૯ પાલિકા અને ૧ મહાનગર પાલિકની ચૂંટણીની ટાઈમ ટેબલ આજે જાહેર થયું છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૨ | ૧૪૮૪ |
| ૨ | મગફળી | ૯૭૧ | ૧૦૬૬ |
| ૩ | ચણા નવા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૪ | સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૧૦૪ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૩ | શિંગ મોટી | ૮૨૫ | ૧૧૪૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૪૦ | ૧૩૪૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૫૬ |
| ૬ | તલ કાળા | ૩૨૦૦ | ૩૫૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૨૫ | ૨૭૦૨ |
| ૮ | બાજરો | ૫૪૫ | ૫૪૫ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૯૫૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૯૧ | ૭૦૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૯૦ | ૬૫૮ |
| ૧૨ | મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ૧૪ | ચણા | ૯૪૮ | ૧૨૨૩ |
| ૧૫ | ચણા સફેદ | ૨૨૭૦ | ૨૨૭૦ |
| ૧૬ | ચોળી | ૧૭૩૫ | ૧૮૧૯ |
| ૧૭ | તુવેર | ૧૧૪૦ | ૧૬૦૬ |
| ૧૮ | કપાસ | ૯૩૦ | ૧૪૮૮ |
| ૧૯ | એરંડા | ૧૦૨૫ | ૧૨૦૯ |
| ૨૦ | જીરૂ | ૨૫૦૦ | ૪૩૦૫ |
| ૨૧ | ધાણા | ૧૨૧૦ | ૧૪૨૫ |
| ૨૨ | મેથી | ૭૧૦ | ૧૦૨૨ |
| ૨૩ | સોયાબીન | ૬૭૨ | ૮૨૨ |
| ૨૪ | મરચા લાંબા | ૬૧૦ | ૩૩૫૦ |

## સાવરકુંડલામાં આવેલ વોર્ડ નંબર ત્રણમાં વિકાસના અવિરત કામો





સાવરકુંડલા, તા. ૨૧

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશમંત્રી તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ભૂગર્ભ ગટર કામનો પ્રારંભ. સાવરકુંડલા શહેર તેમજ વોર્ડ નંબર ત્રણને રળિયયામણું બનાવવા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી વોર્ડ નં.૩ દાસીજીવણ સોસાયટી કૃષ્ણનગર સોસાયટી ખાતે ભૂગર્ભ ગટર કામ શ્રીફળ વધેરી શુભારંભ કરાવતા નગરપાલિકા સદસ્ય પિયુષભાઈ મશરૂ, રસીલાબેન ચુડાસમા, હંસાબેન કમલેશભાઈ રાનેરા, ભારતીય જનતા પાર્ટીના બુથના કાર્યકર્તા કમલેશભાઈ રાનેરા, ભુપતભાઈ અરવિંદભાઈ, ચતુરભાઈ સાથળા, રાજુભાઈ સાથળા, ભરતભાઈ લુહાર તેમજ ભારતીય જનતા પાર્ટીના સમર્થકો વિસ્તારના લોકોએ હર્ષની લાગણી અનુભવી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૧ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૯૫૧ | ૧૦૦૧ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૬૨૫ |
| ૪ | ચણા | ૧૦૨૬ | ૧૦૨૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૩ | શીંગ ગીરનાર | ૧૧૧૧ | ૧૨૪૨ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૩૧૫ |
| ૫ | તલ કાળા | ૪૧૦૦ | ૪૨૦૨ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૩૫ |
| ૭ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૮ | ઘઉં લોકવન | ૬૦૦ | ૬૮૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૬૨૧ | ૭૧૨ |
| ૧૦ | બાજરો | ૬૦૦ | ૬૭૧ |
| ૧૧ | મગ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૧ | ૧૧૩૧ |
| ૧૪ | તુવેર | ૧૨૫૧ | ૧૫૫૦ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૫૧ | ૮૨૧ |

## સાવરકુંડલામાં યોજાયેલ (ફર્સ્ટ એડ) પ્રાથમિક સારવાર તાલીમ



સાવરકુંડલા, તા. ૨૧

નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલ સાવરકુંડલામાં મૂળ સાવરકુંડલાના વતનીને હાલ પનામાં (અમેરિકા)માં વસતા ત્વીશાબેન કામદાર દ્વારા ફર્સ્ટ એડ એટલે કે અકસ્માત થતા વ્યકિતઓને થતી જુદી જુદી ઈજાઓમાં દર્દીને હોસ્પિટલ લઈ જતા પહેલા આપવામાં આવતી પ્રાથમિક સારવારની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં લોહી નીકળતા ઘાવ, હાડકામાં ભાંગ તૂટ, અન્નનળી, ‌શ્વાસનળી, ગરદન, પીઠ વગેરે અંગોમાં કોઈ મુશ્કેલી કે ઈજા પહોંચે તો કઈ રીતે પ્રાથમિક સારવાર કરવી તેની ઓડિયો વિઝ્યુઅલ એટલે કે વિડીયો પ્રોજેક્ટ દ્વારા પડદા ઉપર બતાવી તેમજ જે માટે જુદા જુદા સાધનો વપરાય છે તેનું નિદર્શન અને કઈ દવા અપાય તેની માહિતી તથા દર્દી અને પ્રાથમિક સારવાર આપનારે કઈ રીતે વિશેષ કાળજી રાખવી પડે તેની સમજણ આપી હતી. શાળાના કોન્ફરન્સ હોલમાં શાળાના ધોરણ ૧૧ અને ૧૨ના લગભગ ૬૦ વિદ્યાર્થીઓએ ખૂબ જ રસ પૂર્વક આ તાલીમ નિહાળી, પ્રાયોગિક રીતે પણ સમજણ મેળવી હતી. ત્વિશાબેન હાલ પનામામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. તેમણે પણ ખૂબ જ ભાવમય શૈલીમાં અંગ્રેજી ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરી તાલીમ આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના શિક્ષક જીતુભાઈ ભટ્ટે મહેમાનોને આવકાર અને પરિચય આપ્યો હતો. તો શાળાના આચાર્ય આશિષભાઈ જોશીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમના અંતે મહેમાનોએ પણ કાર્યક્રમના આયોજન અને વિદ્યાર્થીઓના શિસ્તના વખાણ કરી અભિનંદન સાથે આભાર વ્યકત કર્યો હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૦ | ૧૫૭૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૭૦ | ૧૧૩૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૧૦૪૦ | ૧૦૭૦ |
| ૫ | ઘઉં | ૬૦૦ | ૬૩૫ |
| ૬ | સોયાબીન | ૭૭૦ | ૭૯૦ |
| ૭ | જીરૂ | ૩૫૪૦ | ૪૨૭૦ |
| ૮ | ચણા | ૧૦૩૦ | ૧૧૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૨ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૪ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૧૮૦ |
| ૫ | સોયાબીન | ૫૪૦ | ૮૦૨ |
| ૬ | મગફળી | ૬૫૮ | ૧૦૧૦ |
| ૭ | ચણા સફેદ | ૧૮૯૦ | ૨૧૦૦ |
| ૮ | અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| ૯ | ધાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૧૦૫૦ | ૧૧૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## ગ્રામજનો દ્વારા માર્ગનાં ગાબડા બુરવાનાં

સર્જાય રહી છે. જેમાં માનવ જીવ સહિત જાનમાલનું નુકશાન થાય છે. આવા સમયે છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી રાજય સરકાર સહિત ચુંટાયેલા જન પ્રતિનિધિ સુધી રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહી આવતા ચમારડી, વલારડી, કુંવરગઢ સહિતના ગ્રામજનો રોડ ઉપર એકઠા બની અને માટીથી ખાડા બુરવા માટે ખાતમુહૂર્ત કરી અને જાતે તગારા, પાવડા અને ત્રિકમ ચલાવી રસ્તો રીપેર કરવા કામગીરી હાથધરી છે.

ઉપસ્થિત આગેવાનો જીવનભાઈ પીઢડીયા, જગદીશભાઈ વિરોજા, કુંવરગઢ માજી સરપંચ ગોરધનભાઈ વીરોજા વલારડીના જણાવ્યા મુજબ આ વિસ્તારના ધારાસભ્ય ચુંટણી બાદ ગ્રામ્ય પ્રશ્ને દુર્લક્ષતા સેવતા હોઈ અને રોડ રસ્તાના કામો માટે કાગળ ઉપર મસમોટી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ સ્થળ પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થતો નથી. ગ્રામજનો રજુઆતો કરી થાકયા હોવાથી આજે નવતર વિરોધ સાથે તગારા, પાવડા ઉંચકી ખાડા બુરવા અપના હાથ જગન્નાથનું સૂત્ર ચરિતાર્થ કરી આવનારા સમયની ચુંટણીઓમાં ગુજરાત ભાજપ સરકાર વિરૂધ્ધ મતદાન કરવા રણનીતિ ઘડવા હુંકાર કરવામાં આવ્યો હતો.

**સંકુલ ધો. ૬ થી ૮ કન્યા શાળા – ધો. ૬ થી ૮ કુમાર શાળા**
**જુન થી બન્ને શાળા – મીશ્ર શાળા તરીકે કાર્યરત થશે**

* KG થી ધો. ૫ ગુજરાતી મિડીયમ કન્યા – કુમાર મીશ્ર શાળા છે – મીશ્ર રહેશે.
* ધો. ૬ થી ૮ ગુજરાતી મિડીયમ કન્યા – કુમાર મીશ્ર શાળા થશે – મીશ્ર ચાલશે.
* ધો. ૯ થી ૧૨ ગુજરાતી મિડીયમ કન્યા શાળા અલગ ચાલે છે – અલગ રહેશે.
* ધો. ૯ થી ૧૨ ગુજરાતી મિડીયમ કુમાર શાળા અલગ ચાલે છે – અલગ રહેશે.
* KG થી ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – સ્ટાફ સ્ટુડન્ટ્સ પેરેન્ટ્સ – સુચન આવકાર્ય

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢરોડ અમરેલી - Ad098

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
**મેડીકલેઇમ લેતી વખતે જો તમોને**
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૯ | ૧૪૬૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૬૧ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૧૦૦ |
| ૩ | તલ પીળા | ૨૩૭૦ | ૨૬૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૧૫ |
| ૫ | બાજરો | ૫૫૫ | ૬૩૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૨૧ |
| ૭ | જુવાર | ૪૯૩ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | મગ | ૧૪૦૧ | ૧૯૫૧ |
| ૧૦ | અડદ | ૧૧૫૦ | ૧૩૨૫ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૭૯૦ |

# મોટા ભમોદ્રા પે સેન્ટર શાળામાં દીપ શાળા અંતર્ગત ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા પે સેન્ટર શાળામાં ગતરોજ દીપશાળા અંતર્ગત ભરતભાઈ દેસાઈ સંચાલિત અમેરિકન ઈન્ડિયા ફાઉડેશન દ્વારા ધોરણ ૭નાં દરેક વિદ્યાર્થીને ૨૦૦૦૦ રૂપિયાની કિંમતના ૩૬ ટેબ્લેટ વિતરણ ફ્રીમાં કરવામાં આવ્યું તે બદલ શાળા પરિવાર તેમનો ખૂબ ખૂબ આભાર માનેલ હતો.

## અમરેલીના બાંભરોલીયા પરિવાર દ્વારા તપસ્વીઓ સાથે ભોજન પ્રસાદ



અમરેલી, તા.૨૧

અમરેલીની કુ.અરનાબેન હરીભાઈ બાંભરોળીયા (અમરેલી)ના જન્મ દિવસ નિમિત્તે તા. ૨૦/૧/૨૦૨૫નાં રોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને સાંજે (ચેવડો તથા પેંડા) ખવડાવીને તપસ્વીઓનાં આશીર્વાદ મેળવેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા–પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. સારહિ પરિવાર વતી બાંભરોળીયા પરિવારનો, હૃદય પૂર્વક આભાર.

### જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવાયુ

## બાબરા : અનુજાતિ ખેતી મંડળીમાં થઈ રહેલ ગેરરીતિ સામે સભાસદોમાં રોષ

### ૨૮૫ સભાસદોને પરત લેવામાં ન આવે તો આંદોલનની ચીમકી



બાબરા, તા. ૨૧

બાબરા અનુ જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળી માં ખૂબ જ ગેરરીતિ ચાલે છે. આજે આ મંડળીની સ્થાપના થઈ એને લગભગ ૪૨ વર્ષ જેવો સમય થયેલ છે. આ ૪૨ વર્ષમાં આ મંડળીના મોટાભાગના સભાસદો ને કોઈ લાભ આપવામાં આવેલ નથી. જે કોઈ સભાસદ પ્રશ્ન કરે તો મંડળી હોદ્દેદારો દ્વારા ધાકધમકી આપવામાં આવે અને સભાસદ માંથી કાઢી નાખવામાં આવે છે. તો આવા લગભગ ૨૮૫ સભાસદો ને કાઢી નાખવામાં આવેલ છે. આ મંડળીની સ્થાપના થઈ ત્યારથી લગભગ ૨૦૦૭ સુધીમાં ૪૮૦ જેવા સભાસદો હતા.

આજે આ મંડળીમાં ૧૮૦ જેટલા સભાસદો રહ્યા છે. તો બાકીના સભાસદોને કોઈ પણ કારણસર જેણે કોઈ અવાજ ઉઠાવો એને કાઢી નાખવામાં આવેલ છે. વળી જે સભાસદનું અવસાન થાય એના વારસો ને લેવાની જોગવાઈ હોવા છતાં એને પણ લેવામાં આવેલ નથી. ખરેખર સહકારીકાયદામાં એવો કોઈ નિયમ નથી કે કોઈ પણ સભાસદને ગમે ત્યારે કાઢી શકાય હા સભાસદ કોઈ ગેરરીતી કરતો હોય એ મંડળી વિરૂધ્ધ કોઈ પ્રવૃત્તિ કરતો હોય તો જ એને કાઢી શકાય છે. અને એના માટે પણ તેને નોટિસો આપવી પડે એને સાંભળવો પડે અને પછી કારોબારીમાં નક્કી થાય પછી સામાન્ય સભામાં નક્કી થાય ત્યારબાદ જ કોઈ એક સભાસદને કાઢવા હોય તો કાઢી શકાય, પણ આ મંડળીના હોદ્દેદારો દ્વારા એન કેન પ્રકારે કોઈપણ જાતની જાણ કર્યા વિના સભાસદને કાઢી નાખવામાં આવ્યા છે. આમ ૨૮૫ જેટલા સભાસદ ને કાઢી નાખવામાં આવેલ છે. વળી દર વર્ષે જે સામાન્ય સભા ભરાય એની પણ કોઈ સભાસદને જાણ કરવામાં આવતી નથી. ઘર મળે થોડાક માણસો ભેગા થઈ અને સામાન્ય સભા બોલાવી બધુ નક્કી કરી નાખે અને આ મંડળી પાસે ઘણી બધી જમીન ખેડવા લાયક છે એ ખેડવા લાયક જમીન પણ અંદરો અંદર પોતાના સગા વાલા ભાઈઓ દીકરાને જ આપવામાં આવે છે. બાકી કોઈને આપવામાં આવતી નથી. તેની રકમ દર વર્ષે આવે છે. તે પણ ક્યાંય જમાં લેવામાં આવતી નથી અથવા ખોટા ખર્ચ બતાવી રકમ કોઈ સભાસદમાં વેચવામાં કે ડિવિડન્ડ આપવામાં આવતું નથી.

વળી ૧૫ લાખ જેવી રકમ પણ ધીરાણા આપવામાં આવે છે. એમ છતાં મંડળી નફો કરતી નથી એવી જાહેરાત કરવામાં આવે છે. મંડળીના કારોબારી સભ્યોની ચૂંટણી કરવામાં આવતી નથી પણ એક જ એરિયા માંથી લાગતા વળગતા ને કારોબારી સભ્ય બનાવી એક હથ્થુ સાસન ચલાવવામાં આવેલ છે. જેને કાંઈ ખબર પડતી ન હોય એવા જ કારોબારીના સભ્યો બનાવી પોતે પ્રમુખ બની અને અત્યાર સુધી ૪૨ વર્ષથી વહીવટ કરેલ છે. આ બાબતે બાબરા તાલુકામાં તમામ સભાસદોમાં રોષ ફાટી નીકળ્યો છે. તાલુકા સભાસદો દ્વારા કલેકટર સાહેબને આવેદન પત્ર આપવામાં આવેલ હતું.

આમા ખૂબ મોટી સંખ્યામાં તાલુકામાંથી સભાસદો હાજર રહ્યા હતા. જિલ્લા રજિસ્ટ્રાર અમરેલીને પણ આવેદનપત્ર આપેલ હતું . પણ જિલ્લા રજીસ્ટર પ્રમુખનિ સાથે સાઠ ગાઠ ઠરાવતા હોય તેવું વર્તન કરતા હતા અને આવેદન પાત્ર સ્વીકારતા ન હતા અર્ધો કલાક માથાકૂટ કર્યા બાદ આવેદન પત્ર સ્વીકારવામાં આવેલ હતું. જેથી આ અધિકારી સામે પણ તાલુકાના રજૂઆત કરવા આવેલ સભાસદોમાં રોષની લાગણી થયેલ છે અને આ અધિકારી વિરૂધ્ધ પણ ઉપરની કક્ષાએ રજૂઆત કરવાની ફરજ પડશે તેવું સભાસદોમાં વિચારણા હેઠળ છે. આજે એક વર્ષથી આ સભાસદો વારંવાર અરજીઓ કરે છે વારંવાર રજૂઆત કરે છે પણ આ અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અત્યાર સુધી જે મંડળીના પ્રમુખ જવાબ આપે એ જ જવાબ સભાસદોને ગોળ ગોળ આપી દેવામાં આવતો હતો. જેથી આખા તાલુકામાં ખૂબ રોષ હોવાથી કલેકટર ને આવેદનપત્ર આપ્યું છે. અને કલેકટર રજૂઆત સાંભળી ઝડપથી પ્રશ્નનું નિરાકરણ કાઢવામાં આવશે તેવું જણાવેલ છે. જો કાઢી નાખવામાં આવેલ ૨૮૫ સભાસદોને પરત લેવામાં નહિ આવે અને લોકશાહી પદ્ધતિથી કારોબારી અને પ્રમુખની નિમણૂક નહીં કરવામાં આવે તો ઉપવાસ આંદોલન કરવાની ચીમકી પણ આ સભાસદો એ આપેલ છે.

## અમરેલી જિલ્લા અદાલત ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન

અમરેલી, તા. ૨૧

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ રવિવારના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી થશે. અમરેલી જિલ્લા અદાલત કમ્પાઉન્ડ ખાતે સવારે ૧૦ વાગ્યે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવશે. જિલ્લાની તમામ અદાલતના ન્યાયાધીશઓ, તમામ કર્મચારીઓ, વકીલઓ સહિતની ઉપસ્થિતિ રહેશે તેમ અમરેલી જિલ્લા અદાલતના રજિસ્ટ્રારએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## સાવરકુંડલાનું ગૌરવ વધારતા વિદ્યાર્થીઓ



સાવરકુંડલા, તા. ૨૧

અમરેલી જિલ્લા કક્ષા ટેકવેન્ડો સ્પર્ધાનું જિલ્લા રમતગમત કચેરી અને સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા આયોજન થયેલ જેમાં તારીખ ૧૮,૧૯/૧/૨૦૨૫ બે દિવસ દરમ્યાન અન્ડર ૧૪/૧૭/ ભાઈઓ અને બહેનોએ જિલ્લામાંથી બોહળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુરૂકુળ શાળાના વિદ્યાર્થિઓ વિજેતા જાહેર કરવામાં આવેલ. સંસ્થાના વડા પૂજય ભગવતપ્રસાદદાસજી સ્વામી તથા ગુરૂકુળનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી તથા કોઠારી સ્વામી અક્ષરમુકત સ્વામી, તેમજ શુકદેવપ્રસાદ સ્વામીજી જિલ્લા રમતગમત અધિકારી પૂનમ મેડમ તેમજ અમરેલી જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ પી.ડીમિયાણી તેમજ જિલ્લા રમતગમત કચેરી અમરેલીનો આભાર વ્યકત કરીએ છીએ. બહોળી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો તેમાં આજનાં મુખ્ય મહેમાન સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, યુવા ભાજપ મંત્રી ભાવેશભાઈ વિકમા, અગ્રણી કનકસિંહ ઠેરાણા, બક્ષીપંચ મોરચા ઉપપ્રમુખ જયદીપભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા તેમજ ભાવનગરથી પધારેલા તમામ રેફરીઓ અને ગીરીશભાઈ વ્યાસ તમામ પ્રિન્સિપાલઓ અને શાળાના વ્યાયામ શિક્ષક ઝાલા દિગ્વિજયસિંહ અને દીપકભાઈ વાળ ાએ તમામનો આભાર વ્યકત કરેલ.

## અમરેલી : ''સરકારી સેવાઓ તમારા દ્વારે'' રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાની સાથે પોસ્ટ ઓફિસ દ્વારા ડાક ચોપાલનું આયોજન

અમરેલી, તા. ૨૧

ભારતીય ડાકવિભાગ દ્વારા તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬માં ગણતંત્ર દિવસ નિમિત્તે એક ખાસ કાર્યક્રમ યોજાશે. દરેક પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે ડાક ચોપાલનું પણ આયોજન છે.

રાજકોટ હેઠળ સૌરાષ્ટ્ર–કચ્છ પરિક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યુ કે, આ પહેલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ લાભાર્થીઓને મળશે.

કેન્દ્રીય સેવાઓની સાથે રાજય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક જ સ્થળે મળી શકશે. સરકારી સેવાઓ તમારા દ્વારે હેઠળ નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ–કોમર્સ, નિકાસ સેવાઓ સહિતની તમામ નાગરિક કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃત્તિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે.

પોસ્ટ માસ્ટર જનરલે જણાવ્યુ કે, પોસ્ટ ઓફિસ હવે ફકત પરંપરાગત ડાક સેવાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં એક મહત્વપૂર્ણ કડી પણ બની છે. ડાક વિભાગે તેના કાર્યોનો વિસ્તારમાં વધારો કર્યો છે, ડિજિટલ માધ્યમ દ્વારા તેની સેવાઓને વધુ સુલભ બનાવી છે. સમાજના છેવાડાના માણસ સુધી ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશન અને અંત્યોદયની સરકારી યોજનાઓ સાથે સીધા જોડાવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે. ઉલ્લેખનીય છે કે, ડાક સેવાઓ જેમ કે, ડાકવિભાગ બચત બેંક, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક, પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી, આધાર અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનમુખી કાર્યો કરવામાં આવી રહ્યા છે.સી.ઈ.એલ.સી. હેઠળ ઘરે બેઠા બાળ કો માટે આધાર કાર્ડ બનાવવું, મોબાઈલ અપડેટ, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, ડીબીટી, બિલ ચૂકવણી, એ.ઈ.પી.એસ. દ્વારા બેંક ખાતામાંથી ચૂકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના વગેરે જેવી વિવિધ સેવાઓનો ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક દ્વારા પોસ્ટમેનના માધ્યમથી ઘરબેઠાં પૂરી પાડવામાં આવી રહી છે. ગુજરાત પોસ્ટલ સર્કલ હેઠળ ૮,૮૮૮ પોસ્ટ ઓફિસ સમાવિષ્ટ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ ૨,૬૬૨ પોસ્ટ ઓફિસ, દક્ષિણ ગુજરાત પરિક્ષેત્ર, વડોદરા ૩,૬૨૯ પોસ્ટ ઓફિસ, સૌરાષ્ટ્ર–કચ્છ પરિક્ષેત્ર રાજકોટ ૨,૯૯૭ પોસ્ટ ઓફિસ છે. ડાક ચોપાલ દ્વારા લોકો સીધા સરકારી યોજનાઓ સાથે જોડાશે તેમ અમરેલી ડિવીઝન ડાકઘરના અધિક્ષકે એક યાદીમાં જણાવ્યું છે.

## તુર્કીની એક હોટલમાં લાગેલી આગમાં ૧૦ લોકોના મોત થયા

તુર્કી, તા. ૨૧

તુર્કીમાં આજે ૨૧ જાન્યુઆરીએ સવારે ૩:૩૦ વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી. દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં પહાડોની વચ્ચે એક ટેકરા પર બનેલી સ્કી રિસોર્ટ કમ હોટેલ કાર્ટલકાયામાં આગ લાગી હતી. આગમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૩૦થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આગની પુષ્ટિ તુર્કીના ગૃહપ્રધાન અલી યેર્લિકાયા દ્વારા કરવામાં આવી છે. આ આગનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોલીસે મૃતદેહોને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડની ૩૦ ગાડીઓ અને ૨૫ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. બોલુના ગવર્નર અબ્દુલ અઝીઝ અયદિને મીડિયાને જણાવ્યું હતું કે આગ હોટલના ૧૧મા માળે લાગી હતી અને ઝડપથી નીચેના માળને લપેટમાં લીધી હતી. હોટલમાંથી ઉંચી જ્વાળાઓ આવતી જોઈને હોટલમાં રોકાયેલા ૨૩૪ જેટલા મહેમાનો ડરી ગયા અને પોતાના રૂમની બારીમાંથી કૂદવા લાગ્યા. આટલી ઊંચાઈએથી કૂદવાને કારણે અનેક લોકોના મોત થયા અને ઘાયલ થયા. ઘાયલોએ પોલીસને આ માહિતી આપી અને જણાવ્યું કે તેઓ રજાઓ માણવા આવ્યા હતા અને આ રિસોર્ટમાં રોકાયા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. તેની હાલત હજુ ખતરાની બહાર છે. અકસ્માતની તપાસ માટે એક ટીમની રચના કરવામાં આવી છે, જેને શક્ય તેટલી વહેલી તકે રિપોર્ટ સોંપવા માટે કહેવામાં આવ્યુંછે. અકસ્માત માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે રિસોર્ટ કમ હોટેલ તુર્કીના કોરોગલુ પર્વતોની તળેટીમાં બનેલ છે અને તુર્કીનું પ્રખ્યાત સ્કી રિસોર્ટ છે. આ તુર્કીની રાજધાની ઈસ્તાંબુલથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર પૂર્વ દિશામાં છે. તુર્કીમાં શાળાની રજાઓને કારણે અચાનક અકસ્માત સર્જાયો ત્યારે રિસોર્ટ પ્રવાસીઓથી ભરેલો હતો.

## કુંભમેળામાં પ.પૂ. શામજીબાપુએ ત્રણ ટંકની રસોઈ સંતો, મહંતો અને શ્રધ્ધાળુઓને પ્રસાદ તરીકે જમાડી



સાવરકુંડલા, તા. ૨૧

આ સમયે તમામ મઠાધિપતિ, શંકરાચાર્ય, સંતો–મહંતોએ પ.પૂ. શામજીબાપુને હાથીની અંબાડી પર બેસાડી કુંભમેળાનું દર્શન કરાવી ભકતભૂષણ શામજીભગતનું બિરૂદ આપી સન્માનિત કર્યા.

હાલ પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાની અનેક પ્રકારની વિસ્મયભરી ચર્ચાઓએ સમગ્ર વિશ્વનું ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બની ચૂકયું છે ત્યારે સાવરકુંડલાના ગૌરવ સમાન સત્તાધાર આપાગીગાની જગ્યાના સંત પ. પૂ. શામજીબાપુની એવાંજ એક કુંભમેળાની વાત આપ વાંચકો સમક્ષ આપની જાણ માટે રજૂ કરવામાં આવે છે.

પરંતુ એ પહેલા સંત શિરોમણી પ.પૂ. શામજીબાપુના જીવન કવનની થોડી વાતો સાથે એ કુંભમેળાની ઘટના પણ આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ. સંત શિરોમણી શામજીબાપુનો જન્મ સાવરકુંડલામાં થયો હતો. તેમના પિતાનું નામ ભુરાભાઈ અને માતાનું નામ મણીબેન હતું. શામજીબાપુને બાળપણથી માતા–પિતા દ્વારા ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું હતું. તેમના મોટાભાઈ મોહનબાપુ અને શામજીબાપુ બાળપણથી જ સાધુ સંતો નિરાધાર અને દીનઃ દુખી અભ્યાગતોની સેવા કરતા. બન્ને ભાઈઓએ બાળપણથી માતા–પિતાની છત્ર–છાયા ગુમાવી હતી. મોટાબાપુની દિકરી વનાઈબેને બન્ને ભાઈઓનો ઉછેર કર્યો. મોહનભાઈ યુવાવસ્થામાં પ્રવેશતા જ સંસારમાંથી વિરકત થયા હતા. વનાઈબેને શામજીબાપુના લગ્ન કરવાનું નકકી કર્યુ. સમજાવ્યા પણ તેઓ ન માન્યા. વનાઈબેને શામજીબાપુના લગ્ન નકકી કર્યા. જાન પરણીને ઘરે આવી, પોંખવાની તૈયારી કરતા હતા ત્યારે શામજીબાપુએ વરમાળા કાઢીને કહયું કે 'હું સંસારનો નથી. સંસાર મારો નથી. મારે આ નાશવંત સંસારમાં નથી રહેવું.' તમામ પરિવારજનોએ શામજીબાપુને સમજાવ્યા પણ ન માન્યા. શામજીબાપુએ કાનજીબાપુની જગ્યામાં રાતવાસો કર્યો અને ત્યાંથી સતાધારનો રસ્તો પકડ્યો. શામજીબાપુ સતાધાર પહોંચતા, તે સમયના મહંત લક્ષ્મણભગતને બધી વિગતે વાત કહી. તેમણે કહયું કે 'લક્ષ્મણબાપુ! હવે આ મીંઢ ોળ હું આપાગીગાના ચરણોમાં છોડીશ. મારે મન આપાગીગા અને આપ જ સર્વસ્વ છો.' મહંત લક્ષ્મણભગત મહાન યોગી અને ધ્યાની હતા. તેમણે શામજીબાપુને પારખી લીધા અને આપાગીગાની સમાધિ સ્થાને શામજીભગતને પગે લગાડયા. મહંત લક્ષ્મણભગતે શામજીભગતની સેવાથી પ્રભાવિત થઈને સતાધાર જગ્યાના ગાદિપતિ તરીકે બેસાડયા. શામજીબાપુ સવારે વહેલા જાગી આરતી કરતા, ત્યારબાદ ગૌશાળામાં જતાં, ટેલ કરનારા સર્વને કામ સોંપતા એના સ્તો કરાવતા રસોડું શરૂ કરાવી અને જમવાનું શરૂ કરતાં. સાધુસંતો દીન દુઃખી અભ્યાગતોને તેઓ દાન–દક્ષિણા આપી સંતુષ્ઠ કરતા. આંબાજળ નદીના કાંઠે એક આંટો મારી દરેકના ખબર અંતર પૂછતા. સંત શામજીબાપુએ સતાધારની જગ્યાની તન અને મનથી અજોડ સેવા કરી. સંત શામજીબાપુ કુંભમેળામાં ગયા ત્યારે તેમને વિચાર આવ્યા કે ''કુંભમેળામાં સાધુ–સંતો અને સર્વ યાત્રાળુઓને મારે જમાડવા છે, ચારેય મઠના જગતગુરૂ શંકરાચાર્યોને વાત પહોંચાડવામાં આવી. શામજીબાપુએ ચારેય મઠના જગતગુરૂ શંકરાચાર્યોને કહ્યું કે '' કુંભમેળામાં આવેલ તમામ સંતો–મહંતો અને યાત્રાળુઓને એક ટંકની રસોઈ સંત આપાગીગાની જગ્યા સતાધાર આપે છે વળ તો પ્રશ્ન શંકરાચાર્યોએ કર્યો કે '' શામજીભગત, તમે રસોઈ પુરી પાડી શકશો ને? શામજીબાપુએ કહયું કે ''રસોઈ તો મારો ગીરનો રાજા આપાગીગા પૂરી પાડશે.'' સતાધારના શિસ્તબધ્ધ સ્વયંસેવકો કામે લાગી ગયા. કુંભમેળામાં આવેલ તમામ મીઠાધિપતિ, અખાડાના સંતો, મહામંડલેરો, નાગા સાધુઓ, જતી–સતી સહિત તમામને જમાડી અને રોકડ પુરસ્કાર આપ્યો. અગાઉ કોઈએ શામજીબાપુની જેમ કુંભમેળામાં આવી રીતે સામૂહિક રીતે જમાડેલ નહી. આ એક ઐતિહાસિક ઘટના બની. તે સમયે તત્કાલિન વડાપ્રધાન ઈન્દીરાગાંધી તો વિચારમાં પડી ગયા!. તેણીએ તમામ મિટિંગો અટકાવી સંત શિરોમણી શામજીબાપુને બે હાથ જોડી વંદન કરવા આવ્યા અને કહયું કે હે શામજીભગત ! અમારી સરકાર કુંભમેળામાં મહિનાઓ અગાઉ તૈયારી કરે છે પણ અમે એક ટંકનું પાણી પણ પુર પાડી શકતા નથી તો તમે સફળતાપૂર્વક એક ટંકની રસોઈ કેમ પુરી પાડી શકયા! તમને શત્ શત્ વંદન છે. શામજીબાપુએ કહયું બેનબા! હવે તો એક ટંક, બે ટંક અને ત્રણ ટંકની સમગ્ર રસોઈ ગીરનો રાજા આપાગીગો પુરી પાડશે! ઈન્દીરાગાંધી નતમસ્તક શામજીબાપુને વંદન કર્યા. અને કહયું કે 'ધન્ય છે તમારી ભકિતને ! સમગ્ર કુંભમેળામાં તમામ સાધુ–સંતો અને યાત્રાળુઓ શામજીબાપુના દર્શન કરવા ભીડ જામી હતી. આમ, કુંભમેળામાં શામજીબાપુએ સફળતાપૂર્વક ત્રણ ટંકની રસોઈ પુરી પાડી હતી. તમામ શંકરાચાર્યોઅને સંતો–મહંતો વિચારમાં પડી ગયા કે, 'શામજીબાપુને શું બિઢદ આપવું?' તમામ, મઠાધિપતિ શંકરાચાર્યો, સંત–મહંતોએ શામજીબાપુને હાથીની અંબાડી પર બેસાડી કુંભમેળામાં ફેરવ્યા અને 'ભકતભૂષણ શામજીભગતનું બિરૂદ આપી સન્માનિત કર્યા. સંત શામજીબાપુ સતાધારની જગ્યામાં ૩૧ વર્ષ સુધી મહંત રહયા હતા. તેમની ભકિત અને સેવાકાર્યથી સતાધારની નામના સમગ્ર વિશ્વમાં ફેલાઈ હતી. સંકલન બિપીનભાઈ પાંધી સા.કું પ્રસ્તુતિ મનીષભાઈ બીવિંઝુડા સા. કું

## અમરેલીનાં સારહી તપોવન આશ્રમમાં ત્રિવેદી પરિવાર દ્વારા ભોજન પ્રસાદ યોજાયો



અમરેલી, તા. ૨૧

સારહી પરિવારના પદાધિકારી ભગીરથભાઈ ત્રિવેદી અમરેલી તરફ થી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને તારીખ ૧૫/૧/૨૦૨૫નાં રોજ ત્રિવેદી પરિવારના ગુરૂ સચ્ચિદાનંદ મહારાજની પુણ્યતિથિ નિમિતે ભોજન પ્રસાદ કરાવેલ. સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા – પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા – સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ટ્રસ્ટી સુરેશભાઈ શેખવા અતુલભાઈ પડસાલા, શ્રીમતી મનીષાબેન સંજયભાઈ રામાણી, શ્રીમતી સેજલબેન સંઘાણી, રાજેશભાઈ માંગરોલિયા, તુષારભાઈ જોશી, ધાર્મિકભાઈ રામાણી, મમતાબેન પિયુષભાઈ શુકલ, કમલેશભાઈ સંઘાણી, ભાવેશભાઈ સંઘાણી, ઋજુલભાઈ ગોંડલીયા, ધવલભાઈ કાબરીયા, એ. વી. આકોલિયા, અશોકભાઈ જોગાણી, દિવ્યેશભાઈ વેકરીયા, જીગ્નેશભાઈ કાબરિયા, ભ્રમિતસિંહ ચૌહાણ, શૈલેન્દ્રસિંહ ચૌહાણ, ઉમંગભાઈ ત્રિવેદી, દીગંતભાઈ ભટ્ટ, રાજુભાઈ વસાવડા, મયલાભાઈ રામાણી, મેહુલભાઈ રામાણી, સારહી પરીવારનાં સભ્યઓ તથા મહેમાનઓ પધારેલ.

**Draft Newspaper Advertisement**

Notice hereby given that certificate(s) in respect of below mentioned Equity shares of the **M/s. CERA SANITARYWARE LIMITED** ('Company') has/have been lost/ misplaced/stolen and the holder(s) of the said shares, **Mr.MANISHBHAI CHANDRAKANTBHAI MEHTA** has/have applied to the Company for issue of Duplicate share cerficate(s) in lieu of the Original Share Certificate No.**8361** and **16030** belonging to Folio No.**00004972**. Any person having claims/objections in the said shares, should communicate to the Company at the Registered Office of the Company within 15 days from the date of publication of this notice, failing which the Company shall proceed to issue Duplicate Share Certificates.

# અમરેલીનાં સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયા દ્વારા

# પૂર્વ સાંસદનાં કથિત ભ્રષ્ટાચાર સામે અર્ધનગ્ન હાલતમાં આંદોલન

**પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનાં નિવાસ સ્થાન નજીક ગૌચર જમીન પર દબાણ કરાયાનો આક્ષેપ**

**નિવાસ સ્થાન નજીક બનાવવામાં આવેલ માર્ગ માટે ગૌચરમાંથી હજારો ટન માટીની ઉઠાંતરી થયાનો પણ આક્ષેપ**

**સાવરકુંડલા-અમરેલી વચ્ચે બનનારા નેશનલ હાઈવેનું એલાયમેન્ટ ફેરવવા અને તાત્કાલિક જમીન બિનખેતી કરાયાનો આક્ષેપ**

**ઉચ્ચ અધિકારીએ અઠવાડીયામાં તપાસ કરવાની ખાત્રી આપતા થોડીવારમાં આંદોલન સમેટાયું**



અમરેલી, તા. ૨૧

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાનાં કથિત ભ્રષ્ટાચારની તપાસ કરવાની છેલ્લા ૨ વર્ષથી માંગ કરતાં જાગૃત નાગરિક અને દેવભૂમિ દેવળીયાનાં સરપંચના પતિ નાથાલાલ સુખડીયાએ આજે વહીવટી તંત્રની ગોકળગાયની ગતિએ ચાલતી તપાસની કામગીરીથી કંટાળીને અર્ધનગ્ન હાલતમાં કલેકટર કચેરીમાં આંદોલન શરૂ કર્યુ હતું.

તેઓએ જણાવેલ કે, પૂર્વ સાંસદનાં ચકકરગઢ માર્ગ ઉપર આવેલ નિવાસ સ્થાન નજીક આવેલ ગૌચરની જમીનમાં દબાણ કરવામાં આવેલ છે. જેમાં ફળફળાદીનાં વૃક્ષો લગાવવામાં આવ્યા છે અને તેના ફળ માત્રને માત્ર પૂર્વ સાંસદ ચાખી રહ્યા છે આમ નાગરિકને ફળ મળતા નથી.

વધુમાં જણાવેલ છે કે, પૂર્વ સાંસદનાં નિવાસ સ્થાન નજીક બનાવવામાં આવેલ માર્ગમાં ગૌચર જમીનમાંથી હજારો ટન માટીની ચોરી કરવામાં આવી છતાં વહીવટીતંત્ર ધ્વારા ૫૩ લાખનો દંડ થવાને બદલે માત્ર ૧૨ થી ૧૩ લાખનાં દંડની નોટિસ આપવામાં આવી છે. તેમજ માર્ગમાં નિયમ મુજબ સ્ટીલનો પણ ઉપયોગ થયો ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

વધુમાં તેઓએ મહુવા–જેતપુર નેશનલ હાઈવેમાં સાવરકુંડલાથી અમરેલી વચ્ચે પૂર્વ સાંસદે તેમને લાભ થાય તે માટે માર્ગનું એલાયમેન્ટ ચેન્જ કરાવ્યું અને નેશનલ હાઈવે પાસેથી જમીનનું ઉચ્ચુ વળતર મેળવવા માટે રાતોરાત ખેતીની જમીન બિનખેતી કરાવી હોવાનો આક્ષેપ કર્યો છે.

જો કે ઉચ્ચ અધિકારીએ પૂર્વ સાંસદ સામેનાં તમામ કથિત આક્ષેપોની અઠવાડીયામાં તપાસ કરવાની ખાત્રી આપતાં હાલમાં આંદોલન સમેટાયું છે. અન્યથા આગામી દિવસોમાં પુનઃ આંદોલન કરવાની ચીમકી તેઓએ મીડિયા સમક્ષ આપી હતી.








## અમરેલીમાં આજે બાઈક રેલી

અમરેલીમાં આજે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રેરિત મહાદેવ ઠાકર અને મિત્રો દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરની પ્રતિષ્ઠાની એક વર્ષની ઉજવણી અંતર્ગત બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રસ્થાન : શિવાજી ચોકથી રામજી મંદિર

સમય : બપોરે ૩:૩૦ કલાકે

સૌજન્ય

વિપુલભાઈ દવે

સહમંત્રી : વિશ્વ હિન્દુ પરિષદ-અમરેલી








*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)